dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 8 | Issue- 37 | AD - 2024, kartak sud - 09 | Sunday, Dt.10-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કોર્ટે અરજી સ્વીકારી અને ઓડિયો ક્લિપની તપાસ કરવાના નિર્દેશ આપ્યા

# મણિપુરમાં હિંસા ભડકાવવામાં મુખ્યમંત્રીનો હાથ : સુપ્રીમમાં અરજી

ઈમ્ફાલ,તા.૦૯

મણિપુરના કુકી સંગઠને કેટલીક ઓડિયો ક્લિપ્સને ટાંકીને સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે CM બિરેન સિંહે મણિપુરમાં હિંસા ભડકાવી છે.

આ અરજી પર શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. કોર્ટે કહ્યું કે લીક થયેલા ઓડિયોમાં અવાજ મુખ્યમંત્રી બિરેન સિંહનો છે કે નહીં તેની તપાસ થવી જોઈએ. અમે આ તપાસ માટે તૈયાર છીએ. ખરેખરમાં, મણિપુરમાં હિંસા સંબંધિત કેટલીક ઓડિયો ક્લિપ્સ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. જેમાં બિરેન સિંહને કુકી લોકો પર બોમ્બ ધડાકા અને હથિયારો લૂંટવાની વાત કરતા સાંભળવામાં આવ્યા હતા. કુકી ઓર્ગેનાઈઝેશન ફોર હ્યુમન રાઈટ્સ ટ્રસ્ટે મણિપુરના CM વિરુદ્ધ તપાસની માંગ કરતી અરજી દાખલ કરી હતી. તેમણે કહ્યું- કેસની તપાસ CBI કે ED દ્વારા નહીં, પરંતુ સુપ્રીમ કોર્ટ દ્વારા પસંદ કરાયેલા અધિકારીઓની બનેલી SIT દ્વારા થવી જોઈએ. સુપ્રીમ કોર્ટમાં CJI DY ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ખંડપીઠે અરજી સ્વીકારી અને ઓડિયો ક્લિપની તપાસ કરવાના નિર્દેશ આપ્યા છે. મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં ઓડિયો ક્લિપ મુદ્દે નિવેદન આપ્યું હતું. તેણે કહ્યું હતું કે કેટલાક લોકો તેની પાછળ છે. એક ષડયંત્ર ચાલી રહ્યું છે. આ મામલો કોર્ટમાં પેન્ડિંગ છે. વ્યક્તિએ આ વિશે વધુ બોલવું જોઈએ નહીં. આ મામલે FIR પણ નોંધવામાં આવી છે. મણિપુરમાં શુક્રવારે ફરી એકવાર હિંસા થઈ હતી. સશસ્ત્ર આતંકવાદીઓએ જીરીબામ જિલ્લાના જૈરાવન ગામમાં છ ઘરોને સળગાવી દીધા. ગ્રામજનોનો આરોપ છે કે આ દરમિયાન હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. હુમલામાં એક મહિલાનું મોત થયું હતું. મૃતક મહિલાની ઓળખ જોસંગકિમ હમાર (૩૧) તરીકે થઈ છે. મૃતકને ૩ બાળકો છે. ગ્રામજનોનો આરોપ છે કે હુમલાખોરો મૈઈતેઈ સમુદાયના હતા. ઘટના બાદ ઘણા લોકો ઘર છોડીને ભાગી ગયા છે. કુકી-મૈઈતેઈ



વચ્ચે ચાલી રહેલી હિંસાને લગભગ ૫૦૦ દિવસ થઈ ગયા છે. આ દરમિયાન, ૨૩૭ લોકોના મોત થયા છે, ૧૫૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે, ૬૦ હજાર લોકો તેમના ઘર છોડીને રાહત શિબિરોમાં રહે છે. લગભગ ૧૧ હજાર FIR નોંધવામાં આવી હતી અને ૫૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ દરમિયાન મહિલાઓની નિર્વસ્ત્ર પરેડ, સામૂહિક બળાત્કાર, જીવતી સળગાવી દેવા અને ગળું કાપવા જેવી ઘટનાઓ બની હતી. અત્યારે પણ મણિપુર બે ભાગમાં વહેંચાયેલું છે. પહાડી જિલ્લાઓમાં કુકી અને મેદાની જિલ્લાઓમાં મૈઈતેઈ છે. બંને વચ્ચે સરહદો રાખવામાં આવી છે, તેને પાર કરવી એટલે કે મોત. શાળા- મોબાઈલ ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું હતું. મણિપુરમાં હિંસક ઘટનાઓમાં અચાનક વધારો થયા બાદ રાજ્ય સરકારે ૧૦ સપ્ટેમ્બરે ૫ દિવસ માટે ઈન્ટરનેટ પર પ્રતિબંધ મૂક્યો હતો. જોકે, ૧૨ સપ્ટેમ્બરે બ્રોડબેન્ડ ઈન્ટરનેટ પરનો પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો હતો. મણિપુરની વસતી લગભગ ૩૮ લાખ છે. અહીં ત્રણ મુખ્ય સમુદાયો છે - મૈઈતેઈ, નાગા અને કુકી. મૈઈતઈ મોટાભાગે હિંદુઓ છે. એનગા-કુકી ખ્રિસ્તી ધર્મને અનુસરે છે. એસટી કેટેગરીમાં આવે છે. તેમની વસતી લગભગ ૫૦% છે. રાજ્યના લગભગ ૧૦% વિસ્તારમાં ફેલાયેલી ઈમ્ફાલ ખીણમાં મૈઈતેઈ સમુદાયનું વર્ચસ્વ છે. નાગા-કુકીની વસતી લગભગ ૩૪ ટકા છે. આ લોકો રાજ્યના લગભગ ૯૦% વિસ્તારમાં રહે છે. મૈઈતેઈ સમુદાયની માગ છે કે, તેમને પણ આદિજાતિનો દરજ્જો આપવામાં આવે. સમુદાયે આ માટે મણિપુર હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. સમુદાયની દલીલ એવી હતી કે ૧૯૪૯માં મણિપુર ભારતમાં ભળી ગયું હતું. તે પહેલા તેમને માત્ર આદિજાતિનો દરજ્જો મળ્યો હતો. આ પછી, હાઈકોર્ટે રાજ્ય સરકારને ભલામણ કરી હતી કે, મૈઈતેઈને અનુસૂચિત જનજાતિ (ST)માં સામેલ કરવામાં આવે. મૈઈતેઈ જાતિનું માનવું છે કે વર્ષો પહેલા તેમના રાજાઓએ મ્યાનમારથી કુકીઓને યુદ્ધ લડવા માટે બોલાવ્યા હતા. તે પછી તેઓ કાયમી રહેવાસી બની ગયા. આ લોકોએ રોજગાર માટે જંગલો કાપ્યા અને અફીણની ખેતી શરૂ કરી. જેના કારણે મણિપુર ડ્રગ સ્મગલિંગનો ત્રિકોણ બની ગયું છે. આ બધું ખુલ્લેઆમ થઈ રહ્યું છે. તેણે નાગા લોકો સામે લડવા માટે એક શસ્ત્ર જૂથ બનાવ્યું. અન્ય બે જાતિઓ મૈઈતેઈ સમુદાયને અનામત આપવાની વિરુદ્ધ છે. તેઓ કહે છે કે રાજ્યની ૬૦ વિધાનસભા બેઠકોમાંથી ૪૦ બેઠકો પહેલેથી જ મૈઈતેઈ પ્રભુત્વ ધરાવતી ઈમ્ફાલ ખીણમાં છે. આવી સ્થિતિમાં જો મૈઈતેઈને એસટી કેટેગરીમાં અનામત મળશે તો તેમના અધિકારોનું વિભાજન થશે. મણિપુરના ૬૦ ધારાસભ્યોમાંથી ૪૦ ધારાસભ્યો મૈઈતેઈ અને ૨૦ ધારાસભ્યો નાગા-કુકી જનજાતિના છે. અત્યાર સુધી ૧૨ માંથી માત્ર બે CM આદિજાતિમાંથી આવ્યા છે.

# કોંગ્રેસના નેતાઓ બાળાસાહેબ ઠાકરેના વખાણ નહી કરે : મોદી

## કોંગ્રેસે વીર સાવરકરનું અપમાન કર્યુ છે : પ્રધાનમંત્રીના ચાબખા

(એ.આર.એલ),મુંબઈ,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પ્રચારને વેગ આપ્યો હતો. અકોલામાં એક વિશાળ જનસભાને સંબોધતા તેમણે કહ્યું કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષોને ન તો બાબા સાહેબ આંબેડકરના બંધારણની, ન કોર્ટની કે ન તો દેશની ભાવનાઓની પરવા છે.

તેમણે કહ્યું કે વિદર્ભના આશીર્વાદ મારા માટે હંમેશા ખાસ રહ્યા છે. હવે ફરી એકવાર હું વિધાનસભાની ચૂંટણીમાં મહાગઠબંધન માટે તમારા આશીર્વાદ લેવા આવ્યો છું. આજે ૯મી નવેમ્બર છે અને ૯મી નવેમ્બરની આ તારીખ ખૂબ જ ઐતિહાસિક છે. ૨૦૧૯માં આ દિવસે દેશની સર્વોચ્ચ અદાલતે રામ મંદિર પર પોતાનો ચુકાદો આપ્યો હતો. ૯ નવેમ્બરની આ તારીખ એટલા માટે પણ યાદ કરવામાં આવશે કારણ કે સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ દરેક ધર્મના લોકોએ ખૂબ જ સંવેદનશીલતા



દર્શાવી હતી. પ્રથમ રાષ્ટ્રની આ ભાવના ભારતની મોટી તાકાત છે.

પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૪થી ૨૦૨૪ સુધીના ૧૦ વર્ષમાં મહારાષ્ટ્રે સતત ભાજપને દિલથી આશીર્વાદ આપ્યા છે. મહારાષ્ટ્રના લોકોનું ભાજપમાં વિશ્વાસનું કારણ છે. તેનું કારણ મહારાષ્ટ્રના લોકોની દેશભક્તિ, રાજકીય સમજ અને દૂરંદેશી છે. કેન્દ્રમાં અમારી સરકારને માત્ર ૫ મહિના થયા છે. આ ૫ મહિનામાં લાખો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે. તેમાં મહારાષ્ટ્ર સાથે સંબંધિત મોટી સંખ્યામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પણ છે. છેલ્લી બે ટર્મમાં મોદીએ ગરીબો માટે ૪ કરોડ પાકાં મકાનો બનાવ્યા છે. આટલું જ નહીં, તે સમયે જે લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હતું તે પણ ચૂકી ગયું હતું. હવે અમે ગરીબો માટે ૩ કરોડ નવા મકાનો બનાવવાની શરૂઆત કરી રહ્યા છીએ.' વાયદા મુજબ વૃદ્ધોની સેવા કરવાની યોજના શરૂ કરી' તેમણે કહ્યું કે જ્યાં કોંગ્રેસની સરકાર બને છે, તે રાજ્ય કોંગ્રેસના રાજવી પરિવારનું ATM બની જાય છે. આ દિવસોમાં હિમાચલ, તેલંગાણા અને કર્ણાટક જેવા રાજ્યો કોંગ્રેસના રાજવી પરિવારના એટીએમ બની ગયા છે. લોકો કહી રહ્યા છે કે આ દિવસોમાં મહારાષ્ટ્રમાં ચૂંટણીના નામે કર્ણાટકમાં કલેક્શન બમણું થઈ ગયું છે, મહારાષ્ટ્રમાં ચૂંટણી છે અને કર્ણાટક અને તેલંગાણામાં કલેક્શન બમણું થઈ ગયું છે. આરોપ છે કે આ લોકોએ કર્ણાટકમાં દારૂના દુકાનદારો પાસેથી ૭૦૦ કરોડ રૂપિયા વસૂલ કર્યા છે.







# યુપીના ફિરોઝાબાદમાં માર્ગ અકસ્માત : પાંચના કરૂણ મોત

ફિરોઝાબાદ,તા.૦૯

ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદમાં એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. આગરા-લખનઉ એક્સપ્રેસ વે પર એક મુસાફરોથી ભરેલી બસ અને ડમ્પર વચ્ચે જોરદાર ટક્કર થતાં હાહાકાર મચી ગયો હતો. અકસ્માતમાં અત્યાર સુધી પાંચ લોકોના મોતની પુષ્ટી થઈ શકી છે જ્યારે અન્યોની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધવાની શક્યતા છે. બસમાં મુસાફરી કરી રહેલા લોકો મુંડન સંસ્કાર કરીને મથુરાથી પરત ફરી રહ્યા હતા. આ અકસ્માત નસીરપુર પાસે થયો હતો. અકસ્માતમાં છ લોકો ઘાયલ થયા હતા. જેમની હાલ સારવાર ચાલી રહી છે. બસના મુસાફરોએ આશંકા વ્યક્ત કરી હતી કે બસ ચલાવતી વખતે ડ્રાઈવર ઊંઘી ગયો હશે. જેના કારણે બસ બેકાબુ થઈ ગઈ હતી અને અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની માહિતી મળતા જ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૧૦-૧૧-૨૦૨૪

# ચિતલના જીનીંગ વેપારીના નામથી છેતરપિંડી કરવાની કોશિષથી ચકચાર

**વેપારીએ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી**

અમરેલી, તા.૦૯

અમરેલીના ચિતલ ગામે મિલન કોટેક્ષ નામની જીનીંગ મીલ આવેલી છે. આ જીનીંગ મીલના માલિકના નામે અજાણ્યા ઈસમે ફોન કરી છેતરપિંડીની કોશિષ કરવામાં આવતાં મિલન કોટેક્ષના વેપારીએ આ અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ભરતભાઈ દેસાઈએ પોલીસ ફરિયાદ નોંધાવ્યા મુજબ મિલન કોટેક્ષ જીનીંગ મીલ લાલજીભાઈ દેસાઈ તથા હસુભાઈ દેસાઈ અને ભરતભાઈ દેસાઈના સંયુકત નામે ચાલતી હોય ત્યારે અમો અલગ-અલગ જગ્યાએથી કપાસની ખરીદી કરીએ છીએ ત્યારે અમરેલી યાર્ડમાં આવેલ વિશ્વાસ ટ્રેડીંગમાંથી હસુભાઈ દેસાઈને ફોન આવેલ કે તમારા નામે મો. નં.૯૧૪૨૬ ૪૫૧૯૮માંથી જણાવેલ કે, હસુભાઈ બોલું છું અને માલ લેવાની તેમજ ક્રિકેટ સટ્ટાની વાત કરેલ. જોકે હસુભાઈ દેસાઈએ આવો કોઈ ફોન કરેલ ન હોવાનું જણાવ્યું હતું. ફરી એકવાર ગોંડલ બાલાજી ઓઈલ મીલવાળાને મિલન કોટેક્ષ જીનીંગ મીલનું નામ લઈ ફોન કરેલો હતો. આમ વારંવાર કોઈ અજાણ્યો ઈસમ ઉપરોકત મોબાઈલ નંબરથી મિલન કોટેક્ષના નામથી અન્ય વેપારીઓ સાથે છેતરપિંડી કરવાની કોશિષ કરતો હોય ત્યારે આ શખ્સ સામે કાર્યવાહી કરવા પોલીસમાં ફરિયાદ કરેલ છે.

# વીજપડીના ખેડૂતોના બંધ પડેલા ટીસી ૧૨ દિવસથી ન બદલાતા રોષ

**સા.કુંડલાના વીજ અધિકારીને જાણ કરવા છતાં કોઈ કાર્યવાહી નહી**

અમરેલી, તા.૦૯



સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે ખેડૂતોના બંધ પડેલા ટીસી ૧૨ દિવસથી બદલવામાં ન આવતા રોષ ફેલાયો છે. વીજપડી ગામે શિયાળુ પાકનું વાવેતર કરવાની તૈયારીઓ થઈ રહેલી હોય ત્યારે જ ખેડૂતોના ટીસી છેલ્લા ૧૨ દિવસથી બંધ હાલતમાં છે. આ બાબતે વીજતંત્રનાં સ્થાનિક અધિકારીઓને અનેક રજૂઆતો કરવા છતાં હજુ સુધી ટીસી બદલવાની કામગીરી કરવામાં આવી નથી. ટીસી બદલવા માટે ખેડૂતો દરરોજ વીજ કચેરીએ ધક્કા ખાઈ રહ્યાં છે પરંતુ વીજ અધિકારીઓના પેટનું પાણી હલતું નથી. આ અંગે ખેડૂતોએ રોષ સાથે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ દિવસથી ટીસી બંધ હાલતમાં છે વારંવાર રજૂઆત કરવા છતાં અધિકારીઓ ધ્યાન આપતા નથી. ટીસી બંધ હોવાથી ખેડૂતો ભારે હાલાકી ભોગવી રહ્યાં છે. આ બાબતે સાવરકુંડલા વીજ અધિકારીને જાણ કરવા છતાં હજૂ સુધી કોઈ કામગીરી કરવામાં ન આવતાં ખેડૂતોમાં ભારે આક્રોશ ફેલાયો છે.

# અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનનો નાસતો-ફરતો બુટલેગર ઝડપાયો

અમરેલી,તા.૦૯



અમદાવાદના ઘાટલોડીયા શાયોના પુષ્પ રેસીડન્સી જનતાનગરમાં રહેતા અને ઢસા નારાયણનગર સંજય ગાંધી સોસાયટી આંબરડી પરામાં રહેતા વિરાજ ઉર્ફે માધવ ઉર્ફે માધો પ્રવિણચંદ્રભાઈ રાણા સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં વિદેશી દારૂની હેરાફેરીનો ગુનો નોંધાયો હતો. જે બાદ આ વિરાજ ઉર્ફે માધવ ઉર્ફે માધો રાણા આ ગુનામાં ફરાર હતો તેને પોલીસે ઝડપી પાડ્યો હતો. આ બુટલેગર સામે અગાઉ લીંબડી, વલસાડ, લાઠી અને અમરેલી રૂરલ પોલીસ મથકમાં દારૂની હેરાફેરી સહિતના ગુના નોંધાયેલા છે.

# ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ-અમરેલી ખાતે ગુજરાત ગણિત મંડળનું અધિવેશન

અમરેલી, તા.૦૯

પ્રાચીન કાળથી ભારતીય ગણિતશાસ્ત્ર વૈશ્વિક રીતે અનેકવિધ સંશોધન કરતું આવ્યું છે. પ્રાચીન ધરોહરમાં ભૌમિતિક તેમજ ગાણિતિક સમીકરણોનો ભરપૂર પ્રયોગ જોઈ શકાય છે અને આજે પણ તેની સંરચના અચરજ પમાડે તેવી લાગે છે.

ગણિત શિક્ષણનાં ભિષ્મ પિતામહ પી.સી.વૈદ્ય દ્વારા સ્થપાયેલ ગુજરાત ગણિત મંડળ પ્રતિવર્ષ ગણિત જીજ્ઞાસુઓનું અધિવેશન કરે છે. ૬૧મું અધિવેશન તા.૧૦થી ૧૨ સુધી ઓકસફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ પરિસર કેરીયારોડ, સંજોગ ન્યૂઝની બાજુમાં આયોજીત થવા જઈ રહેલ છે. આ કાર્યક્રમમાં સાંસદ પરશોતમભાઈ રૂપાલા અધ્યક્ષસ્થાને રહેશે તેમજ ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા હાજર રહેશે. અમરેલી જિલ્લામાં ગણિતશાસ્ત્રના વટવૃક્ષ જેવા ગણિત શિક્ષણ અંગે આજીવન ભેખધારી ગુરુવર્ય એચ.







એલ.પટેલની રાહબરી હેઠળ ગણિત વિજ્ઞાનના વર્તમાન, ભૂતપૂર્વ શિક્ષકો તથા સેવાભાવી વ્યકિતઓ દ્વારા તડામાર તૈયારી થઈ રહી છે. અમરેલીમાં ગુજરાત ગણિત મંડળના આયોજનમાં ગુજરાતભરનાં ગણિત તજજ્ઞ પધારી રસપ્રદ લોકભાગ્ય શૈલીમાં ગણિતની અવનવી બાબતો, સંશોધનો, વ્યવહારિક પ્રયોજન તથા ગણિત શિક્ષણ અંગે ઓડિયો વિઝયુઅલ રજૂઆત કરશે. અમરેલી જિલ્લાનાં ગણિત વિજ્ઞાનના વર્તમાન તેમજ નિવૃત શિક્ષકો, પ્રાધ્યાપક, વેપારીગણ, અધિકારીગણ, વ્યવસાયિકો, ડોકટર્સ, એન્જિનિયર્સ ઉપરાંત ગણિતમાં રસ ધરાવનારી કોઈપણ વ્યકિતને હૃદયપૂર્વક આમંત્રણ છે કે આ ગણિત મહાકુંભમાં સહભાગી થાય. અમરેલીમાં આ અવસરનો અવશ્ય લાભ લેવા લોકોને અનુરોધ કરેલ છે. આ અધિવેશનની આયોજક કમિટીમાં એચ.એલ.પટેલ, સૂર્યકાંત પાઠક, રમણલાલ વીસાવળીયા, મયુરભાઈ ગજેરા, પંકજભાઈ રાજયગુરૂ, દ્વારકાદાસ લલાડીયા, ગોપાલ રાઠોડ, નિલેશ ચાંપાનેરી, નવરોઝ ગાંગાણી, કનુભાઈ કસવાલા, નિલેશભાઈ ગજેરા, પ્રહલાદભાઈ વામજા સહિતના શિક્ષકો જોડાયા છે.

# ધારી નજીક મોરજર ગામે સિંહણના આંટાફેરા કેમેરામાં કેદ, વીડિયો વાયરલ

ધારી, તા.૦૯



ધારી-અમરેલી મેઈન રોડ પર મોરજર ગામ નજીક વનની રાણી સિંહણના આંટાફેરા ફરી એકવાર કેમેરામાં કેદ થયા છે. શિકારની શોધમાં નીકળેલી સિંહણનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં લોકોમાં કુતૂહલ સર્જાયું છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, ધારી વિસ્તારમાં અને તેની આસપાસના વિસ્તારોમાં સિંહ પરિવારની વસ્તી નોંધપાત્ર પ્રમાણમાં જોવા મળી રહી છે. આ વિસ્તારમાં સિંહોની હાજરી દર્શાવતા આવા વીડિયો અવારનવાર સામે આવતા રહે છે.

# લીલીયા ભેંસવડી વચ્ચે માલગાડીની અડફેટે ત્રણ ગાયોના મોતથી ગૌપ્રેમીઓમાં રોષ



અમરેલી, તા.૦૯

લીલીયા નજીક માલગાડીની અડફેટે ત્રણ ગાયો આવી જતા તેમના કમકમાટીભર્યા મોત થતા ગૌપ્રેમીઓમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. લીલીયા ભેંસવડી વચ્ચે ફાટક નંબર ૪૧/સી અને ૪૨/સી વચ્ચે પીપાવાવ પોર્ટથી ધોળા જતી માલગાડી અડફેટે ચડી જતા ત્રણ ગાયોના મોત થયા હતા. માલગાડીના ડ્રાઈવરે અહી ટ્રેન અટકાવવાની પણ તસદી લીધી ન હતી. હિન્દુ સમાજ માટે ગાય પવિત્ર અને પુજનીય છે. રેલવે તંત્ર હાઈકોર્ટની ફટકાર ખાઈ ચુકયુ છે જેથી રેલવેના ડ્રાઈવરો રસ્તામાં સિંહ જુએ તો માલગાડી અટકાવી જાણે સિંહને બચાવી લીધો હોય તેવા દાવા કરે છે. સિંહને જોઈ ટ્રેન અટકાવનાર ડ્રાઈવરો કયારેય ગાયને જોઈને ટ્રેન અટકાવતા નથી. લોકોપાયલોટની બેદરકારીને કારણે ત્રણ ગાયોના મોત થતા ગૌપ્રેમીઓમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

# અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ

અમરેલી, તા.૦૯



અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શશાંક મહાજન હોલમાં સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો.

આ સ્નેહમિલન કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણીઓએ હાજર રહી એકબીજાને નવા વર્ષની શુભકામના પાઠવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા, સંગઠન મંત્રી ભાસ્કરભાઈ મકવાણા, જિલ્લા ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈ તથા જિલ્લા ઉપાધ્યક્ષ રશ્મિનભાઈ ત્રિવેદી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# જાફરાબાદ સામાકાંઠામાંથી મજૂરીએ જવાનું કહીને નીકળેલી યુવતી લાપતા

જાફરાબાદ, તા.૦૯

જાફરાબાદ સામાકાંઠામાં રહેતા મંજુબેન મનુભા બારૈયા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી તેજલ તેમની માતા તથા ભાભી સાથે ગામમાં ખરીદી કરવા આવી હતી અને ઘરે જવા રીક્ષામાં બેઠા બાદ તેણે હું મજૂરીકામ કરવા જાવ છું તેમ કહીને કયાંક જતી રહી હતી.















# રૂગનાથપુર ખોડીથી મોટા સમઢીયાળા જતો રસ્તો બિસ્માર, વાહનચાલકોને ભારે હાલાકી

અમરેલી,તા.૦૯



ખાંભા તાલુકાના રૂગનાથપુર ખોડીથી મોટા સમઢીયાળા જતો રસ્તો અત્યંત ખરાબ હાલતમાં છે. આ રસ્તા પર કાંકરા વિખરાયેલા હોવાથી વાહન ચલાવવું મુશ્કેલ બની ગયું છે. ખાસ કરીને નાના વાહનો, પશુપાલકો અને ખેડૂતોને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ રસ્તો સાવરકુંડલા અને ખાંભાને જોડતો હોવાથી વાહનચાલકોને અવારનવાર અકસ્માતનો સામનો કરવો પડે છે. આ રસ્તા પર ટુ-વ્હીલર ચાલકો અકસ્માતનો ભોગ બનતા હોવાના કિસ્સાઓ વારંવાર સામે આવી રહ્યા છે. રસ્તાની બંને બાજુએ કોન્ક્રીટ પાથરવામાં આવી છે પરંતુ ડામરનું કામ ઘણા સમયથી પૂર્ણ થયું નથી. આને કારણે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સ્થાનિક લોકો આ સમસ્યાથી પરેશાન થઈને તંત્ર સામે રોષ વ્યક્ત કરી રહ્યા છે.

# રાજુલાના ચોત્રા ગામ નજીક મોમાઈ માતાજીના મંદિરમાંથી તસ્કરો દાનપેટી ઉઠાવી ગયા

જાફરાબાદ,તા.૦૯

રાજુલા તાલુકાના ચોત્રા ગામ નજીક આવેલ રોડ ઉપર મોમાઈ માતાજીના મંદિરમાં રાત્રીના ૨ અજાણ્યા બુકાનીધારી ચોર માતાજીના મંદિરમાં ત્રાટકયા હતા. તેઓ ધીરે ધીરે ચારે તરફ રેકી કરી જોતા-જોતા સુમસામ વાતાવરણમાં અંદર આવ્યા હતા. તસ્કરોનું ટાર્ગેટ દાનપેટી હોવાને કારણે આખી દાનપેટીની ઉઠાંતરી કરી હતી. આ ઘટના બાદ મંદિરમાં સેવા પૂજા કરતા પૂજારી પ્રકાશભાઈ મનુભાઈ રામપ્રસાદીએ રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે તાત્કાલિક અજાણ્યા ઈસમો સામે ચોરી કર્યાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. રાજુલા પોલીસ સ્ટેશનમાં



તસવીર : બાબુભાઈ વાટેળ

રૂ.૫૦,૦૦૦ ઉપરાંતની ચોરી થયાની ફરિયાદ નોંધાતા રાજુલા પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજની ચકાસણી કરતા ૨ ઈસમો ચોરી કરવા આવી રહ્યા છે અને મંદિરની દાનપેટી ઉઠાવી રહ્યા છે તે ઘટનાક્રમ કેદ થયો હતો તેના આધારે આરોપીઓની ઓળખ કરવા માટે પોલીસે અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી કેટલાક લોકોની પૂછપરછ શરૂ કરી છે.

# ૧૧ નવેમ્બરથી અમરેલી-જૂનાગઢ વચ્ચે "પરિક્રમા સ્પેશિયલ ટ્રેન" ચલાવાશે

અમરેલી, તા.૦૯

જૂનાગઢમાં ૧૨ નવેમ્બરથી યોજાનાર પરિક્રમા મેળા માટે ભાવનગર રેલવે ડિવિઝન દ્વારા મુસાફરોની સુવિધા માટે ૧૧.૧૧થી ૧૭.૧૧ સુધી મીટરગેજ સેક્શનમાં અમરેલી અને જૂનાગઢ વચ્ચે સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવાયો છે. આ ટ્રેન અમરેલીથી સવારે ૦૯:૦૦ કલાકે ઉપડશે અને બપોરે ૧૨:૪૦ કલાકે જૂનાગઢ પહોંચશે. તેવી જ રીતે જૂનાગઢથી અમરેલી આવતી ટ્રેન જૂનાગઢથી ૧૫.૩૦ કલાકે ઉપડશે અને ૧૯.૩૦ કલાકે અમરેલી પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં તોરણીયા, બિલખા, જુની ચાવંડ, વિસાવદર, જેતલવડ, ભાડેર, ધારી, ચલાલા અને અમરેલી પરા સ્ટેશન પર ઉભી રહેશે.

# લીલીયામાં તહેવારો અને વેકેશનને અનુલક્ષી ટ્રાફિક ડ્રાઈવનું આયોજન

લીલીયા, તા.૦૯



લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આઈ. જે.ગીડા દ્વારા આગામી તહેવારો અને વેકેશનને ધ્યાનમાં રાખીને વિશેષ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. વેકેશન દરમિયાન વધતી ટ્રાફિક સમસ્યા અને અકસ્માતોના નિવારણ માટે લીલીયા વિસ્તારમાં વાહન ચેકિંગ અને ટ્રાફિક નિયમોનું પાલન કરાવવાની કામગીરી કરવામાં આવી હતી. આ અંગેની માહિતી ઈમરાન પઠાણ દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદીમાં આપવામાં આવી હતી.

# રાજુલામાં પૂજ્ય જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતી ધામધૂમથી ઉજવવામાં આવી

રાજુલા, તા.૦૯

રાજુલા શહેરમાં પૂજ્ય જલારામ બાપાની ૨૨૫ મી જન્મ જયંતી ભવ્યથી ભવ્ય રીતે ઉજવવામાં આવી હતી. દર વર્ષની માફક આ વર્ષે પણ આ શોભાયાત્રા બાબુલાલ ચત્રભુજભાઈ ઠક્કરના ડેલાથી શરૂ કરવામાં આવી હતી. જે રાજુલા શહેરના



તસવીર : ગોપાલ રાઠોડ

મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. શોભાયાત્રા દરમિયાન રાજુલા શહેરના અગ્રણીઓ, વેપારીઓ તેમજ વિવિધ સંસ્થા આગેવાનો, ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનો તેમજ વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ સહિત તમામ હોદ્દેદારો તેમજ રાજુલા શહેરના પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર સહિતના વિવિધ મહાનુભાવોએ ખાસ હાજરી આપી હતી.

# અમરેલીમાંથી ૩ મહિલા સહિત જિલ્લામાંથી ૯ ઈસમો પાસેથી દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૦૯

અમરેલી શહેરમાંથી ત્રણ મહિલા સહિત જિલ્લામાંથી નવ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. કુલ ૨૪ લીટર દેશી દારૂ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ચલાલામાંથી છ સહિત જિલ્લામાંથી કુલ ૨૫ પ્યાસી પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# કુંવરગઢ અને વલારડી ખાતે આવાસ યોજનાના લાભાર્થી પરિવાર સાથે દિવાળીની ઉજવણી

અમરેલી,તા.૦૯



રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના કુંવરગઢ અને વલારડી ખાતે ઉપસ્થિત રહી પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી પરિવારો સાથે દિવાળી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી. મંત્રીએ આવાસ યોજનાના લાભાર્થીઓને પ્રકાશપર્વ એવા દીપાવલી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

તેમની સાથે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, અગ્રણીઓ, મહાનુભાવો, આગેવાનો સહિતના પણ જોડાયા હતા.

## અવસાન નોંધ

**બગસરા**

રૂબાબબહેન અબ્દુલકરીમ ભારમલ તા.૦૭/૧૧/૨૦૨૪ને ગુરુવારના રોજ વફાત થયેલ છે. તે અબ્બાસભાઈ ગુજરી તથા ઝુબેદાબેન સૈફુદીનભાઈ(ગોંડલ), મેમુનાબેન હુસામુદીનભાઈ (રાજકોટ), ફાતેમાબેન અબ્બાસભાઈ (રાજકોટ) ના માતૃશ્રી થાય છે. તેમની ઝીયારતના સીપારા તા.૦૯/૧૧/૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે બગસરા વઝીહી મસ્જીદમાં રાખેલ છે.


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
Raj Unisex Saloon Since:1996
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY
GOVERNMENT DONE SITE

શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

પ્રોફેશનલ ફેમિલી સ્પા હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665


## મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૫૨/૨૪ તા. ૨૯/૧૦/૨૦૨૪

**વિવાદી** :- શ્રી શંભુભાઈ દયાળભાઈ લાઠીયા
રહે.મોટા વરાછા, સુરત જી.સુરત મો.૯૮૭૯૬ ૭૬૩૨૧
C/O ઈ.કે. મહેતા, ઠે.નગરપાલીકા સામે, લાઠી મો.૯૪૨૭૨ ૦૬૩૨૦

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદી** :- જન્મ મરણ નોંધણી અધિકારી-વ-ચીફ ઓફીસરશ્રી
નગરપાલીકા, લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. લાઠી ગામના રહીશ આ કામના અરજદારશ્રીનો જન્મ તા. ૧૫/૦૮/૧૯૪૮ ના રોજ લાઠી, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૫/૦૯/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૧૧/૨૦૨૪ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# અમરેલી પોલીસ હેડક્વાર્ટર ખાતે લોન મેળામાં ૬૦૦થી વધુ લોકોએ લીધો લાભ

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા શનિવારે પોલીસ હેડક્વાર્ટર ખાતે લોન મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશકની સૂચના મુજબ, નાણાંકીય જરૂરિયાતવાળા લોકોને વ્યાજબી દરે લોન મળી રહે તે હેતુથી આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો.



ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર અને અમરેલી જિલ્લા પોલીસ અધીક્ષક હિમકર સિંહના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ મેળામાં ઈન્ચાર્જ પોલીસ અધીક્ષક વલય વૈદ્યની અધ્યક્ષતામાં ૧૬ રાષ્ટ્રીયકૃત અને સહકારી બેંકોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા તાલીમ કેન્દ્ર અને અમરેલી નગરપાલિકાના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. બેંક પ્રતિનિધિઓએ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ લોન યોજનાઓ વિશે માહિતી આપી હતી. મેળામાં જિલ્લાભરમાંથી ૬૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો.

# જીરા ગામના વતની ઉદ્યોગપતિએ ૭૦ વીઘા જમીન ખરીદીને તળાવનું ખાતમુહૂર્ત કર્યું

સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલા તાલુકાના જીરા ગામના વતની અને સુરતમાં રહેતા ઉદ્યોગપતિએ પોતાના ખર્ચે ૭૦ વીઘા જમીન ખરીદીને તળાવ બનાવવાનો સંકલ્પ કર્યો હતો. તેમણે આજે પરિવાર અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધિથી તળાવનું ખાતમુહૂર્ત કર્યું હતું. પરેશભાઈએ એવું પણ જણાવ્યું કે



જો તમને કુદરતે કંઈક આપ્યું હોય તો વતનનું ઋણ ચૂકવવા કાંઈક સાર્વજનિક ઉપયોગી થાય તેવું કામ કરવું. તેમણે થોડા જ મહિના પહેલા જીરા અને આસપાસના વિસ્તારમાં ૫૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરીને ગામ અને ગામના સીમાડાને હરિયાળુ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સરોવરના ખાતમુહૂર્ત પ્રસંગે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, આ વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# દિવાળીના તહેવાર પછી અમરેલીમાં ડેન્ગ્યુના કેસમાં વધારો નોંધાયો

અમરેલી, તા.૦૯

અમરેલીમાં દિવાળીના તહેવાર પછી રોગચાળાએ માથું ઉચક્યું હોય તેમ શાંતાબા જનરલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના કેસમાં વધારો જોવા મળ્યો છે. હોસ્પિટલમાં ઓપીડીનું પ્રમાણ વધ્યું છે. અમરેલીના અલગ અલગ વિસ્તારોમાં તાવ શરદી અને ઉધરસ જેવા કેસો જોવા મળી રહ્યા છે, જેમાં ડેન્ગ્યુના પોઝીટીવ દર્દીઓનો



આંકડો ૪૩ એ પહોંચ્યો છે. શાંતાબા જનરલ હોસ્પિટલમાં ૨૩ દર્દીઓ રિપોર્ટ કરાવીને દાખલ થાય છે અને અન્ય ૨૦ દર્દીઓ બહારથી રિપોર્ટ કરાવીને જનરલ હોસ્પિટલમાં દાખલ થયા છે.

# અમરેલીનાં મોટા ગોખરવાળાની યુવતીનો ગળાફાંસો ખાઈ આપઘાત

**યુવતીએ આપઘાત શા માટે કર્યો તે દિશામાં પોલીસની તપાસ**

અમરેલી, તા.૦૯

અમરેલી તાલુકાનાં મોટા ગોખરવાળા ગામે રહેતી એક યુવતીએ અગમ્ય કારણોસર આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. અમરેલીનાં મોટા ગોખરવાળા ગામે રહેતી શાંતિબેન છગનભાઈ સાગઠીયા(ઉ.વ.૨૫) નામની યુવતીએ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાની જાણ થતાં પરિવારમાં આક્રંદ છવાયો હતો. યુવતીનાં પરિવારજનોએ આ અંગે તાત્કાલિક અમરેલી તાલુકા પોલીસને જાણ કરતાં યુવતીનાં મૃતદેહને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. યુવતીએ અચાનક જ શા માટે આપઘાત કર્યો તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

# ધારી તાલુકાના ભાડેર ગામે આર્થિક સંકડામણથી યુવકે ઝેરી દવા ગટગટાવી

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લામાં ૩ લોકોના ઝેરી દવા પીવાથી મોત થયા હતા. સાવરકુંડલામાં રહેતા હાજીશાહ હશનશાહ ફકીર (ઉ.વ.૫૭)એ જાહેર કર્યા મુજબ, અરશદભાઈ હાજીશાહ ફકીર (ઉ.વ.૨૨)એ પોતાના રહેણાંક મકાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. બાબરામાં રહેતા હરેશભાઈ રામજીભાઈ મેવાડા (ઉ.વ.૪૭)એ જાહેર કર્યા પ્રમાણે, અરવિંદભાઈ રામજીભાઈ મેવાડા (ઉ.વ.૪૭)ને નશો કરવાની ટેવ હતી. એક મહિનાથી ટેવ મૂકી દીધી હતી અને ઘરે સુનમુન બેસી રહેતા હતા. જેથી મનમાં લાગી આવતા પોતાની મેળે અનાજમાં નાખવાના ટીકડા પી' જતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. ધારીના ભાડેર ગામે રહેતા હંસાબેન નાજાભાઈ સાગઠીયા (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, અશોકભાઈ નાજાભાઈ સાગઠીયાને બે મહિનાથી કોઈ કામ ધંધો મળતો નહતો. જેથી આર્થિક સંકડામણથી કંટાળીને પોતાની મેળે ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પી લેતાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.એસ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

**દિવાળીના વેકેશનમાં ફરવા આવેલ પરિવાર ભોગ બન્યો**

# ધારી સફારી પાર્કમાં ફોર વ્હીલનો કાચ તોડી રૂ. ૧.૯૪ લાખની ચોરી

**સુરતના પરિવારે અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી**

ધારી, તા.૦૯

દિવાળીના વેકેશનને લઈ ધારીના સફારી પાર્કમાં સેંકડો મુસાફરો આવે છે. સફારી પાર્કના પાર્કિંગમાં કારનો કાચ તોડી સોનાના ચેઈન સહિત રૂ. ૧.૯૪ લાખની ચોરી કરી ઈમસો ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે સુરતમાં રહેતા પ્રફુલાબેન ગીરીશભાઈ માલવીયા (ઉ.વ.૩૬)એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ ફોર વ્હીલ કાર લઈને સફારી પાર્કમાં ફરવા આવ્યા હતા. સફારી પાર્કના પાર્કિંગમાં કોઈ અજાણ્યા ચોર ઈસમે ફોરવ્હીલ કારનો પાછળના દરવાજાનો નાનો કાચ તોડી કાર અંદર મુકેલ ફરિયાદીના પર્સમાંથી સોનાનો ચેઈન, એક સોનાની લક્કી, સોનાનું પેન્ડલ, સોનાની વીંટી, ચાંદીની ત્રણ વીંટી, રોકડા રૂ.૬૩૦૦ તેમજ કટલેરીની ચીજ વસ્તુ મળી કુલ કિં.રૂ.૧,૯૪,૩૦૦ મત્તાની ચોરી કરી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

**ત્રણ દિવસ પહેલા સુડાવડના કાઠી યુવકની હત્યા થઈ હતી**

# બગસરામાં થયેલી હત્યાનો બીજો આરોપી હુલરીયાની સીમમાંથી ઝડપાયો

**પોલીસે બાતમીના આધારે ઝડપી પાડયો**

અમરેલી,તા.૦૯

બગસરામાં ત્રણ દિવસ પહેલા સુડાવડના કાઠી યુવકની હત્યા થયા બાદ મુખ્ય આરોપી ઝડપાઈ ગયો હતો જયારે બીજો આરોપી ફરાર હોવાથી પોલીસે બાતમીના આધારે હુલરીયાની સીમમાંથી ઝડપી પાડયો હતો. બગસરાના શાપર જવાના માર્ગ પર ત્રણ દિવસ પહેલા સુડાવડના જયદિપ જયતુભાઈ વાળા નામના યુવકની છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરવામાં આવી હતી. આ હત્યામાં કાજલબેન જૈતુભાઈ વાળાએ પાદરગઢના સંજય વાળા અને જયદીપ વાંક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક હત્યાના મુખ્ય



સુત્રધાર સંજય વાળાને ઝડપી પાડ્યો હતો જયારે જયદીપ વાંક નાસી છુટ્યો હતો. જયદીપ વાંકને પકડવા પોલીસે જુદી-જુદી ટીમ બનાવી હતી. આ અંગે પીઆઈ એમ.ડી. સાળુકેએ જણાવ્યું હતું કે, જયદીપ વાંક હુલરીયાની સીમમાં હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. હત્યાનો મુખ્ય સુત્રધાર બે દિવસના રીમાન્ડ પર હોવાનું તપાસનીશ અધિકારીએ જણાવ્યું હતું.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૯૦ | ૧૫૫૧ |
| ઘઉં લોકવન | ૫૮૪ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૫૭૮ | ૬૫૪ |
| જુવાર સફેદ | ૭૪૦ | ૮૩૫ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૪૬૩ | ૫૨૪ |
| તુવેર | ૧૦૮૦ | ૨૧૯૧ |
| ચણા પીળા | ૧૧૮૦ | ૧૩૮૦ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૯૦૦ |
| અડદ | ૧૧૮૦ | ૧૭૧૧ |
| મગ | ૯૭૫ | ૧૫૮૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ચોળી | ૧૨૦૦ | ૨૮૦૦ |
| સીંગદાણા | ૧૧૦૦ | ૧૪૧૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૯૫ |
| મગફળી જીણી | ૯૭૦ | ૧૧૯૫ |
| તલી | ૨૦૦૦ | ૨૭૦૦ |
| એરંડા | ૧૧૭૫ | ૧૨૬૮ |
| સોયાબીન | ૭૯૦ | ૮૮૦ |
| સીંગફાડા | ૧૦૧૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૦૪૦ |
| લસણ | ૩૮૫૦ | ૬૨૭૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૩૨૩૩ |
| ધાણી | ૧૩૪૦ | ૧૭૮૧ |
| વરીયાળી | ૧૦૩૦ | ૧૩૬૪ |
| જીરૂ | ૪૩૫૦ | ૪૮૧૫ |
| રાય | ૧૦૫૦ | ૧૩૪૬ |
| મેથી | ૧૦૫૦ | ૧૨૯૬ |
| કલોંજી | ૩૭૪૪ | ૩૯૬૫ |

| | | |
|---|---|---|
| રાયડો | ૧૦૪૦ | ૧૧૫૯ |
| રજકાનું બી | ૪૦૨૫ | ૫૧૫૦ |
| ગુવારનું બી | ૮૯૦ | ૯૪૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૮૦૦ | ૧૩૦૦ |
| બટેટા | ૪૫૦ | ૬૫૦ |
| ડુંગળી સુકી | ૧૪૫ | ૭૧૦ |
| ટમેટા | ૪૫૦ | ૬૦૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૬૦૦ | ૧૦૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૦૦ |
| ફલાવર | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૨૦૦૦ |
| સરગવો | ૧૬૦૦ | ૨૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૬૦૦ |
| મેથી | ૩૦૦ | ૬૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| આદુ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૬૦ | ૪૬૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૬૦ | ૫૪૦ |
| રીંગણા | ૮૦૦ | ૧૪૫૦ |
| ફલાવર | ૮૦૦ | ૯૦૦ |
| કોબીઝ | ૩૦૦ | ૪૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૭૦૦ |
| ગાજર | ૮૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૫૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| ચોળાલીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૮૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચાં લીલા | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૨૫૦ | ૯૪૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |

| | | |
|---|---|---|
| ડુંગળી સુકી | ૪૦૦ | ૮૨૦ |
| લસણ | ૩૦૦૦ | ૩૬૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૧૪૦૦ | ૧૬૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૪૫ | ૧૧૫૦ |
| શિંગ મોટી | ૭૪૦ | ૧૨૬૨ |
| શિંગદાણાફાડા | ૯૫૦ | ૧૧૪૦ |
| તલસફેદ | ૧૬૯૫ | ૨૫૩૬ |
| તલકાળા | ૨૯૦૧ | ૪૦૭૦ |
| બાજરો | ૫૧૩ | ૫૧૩ |
| જુવાર | ૬૯૭ | ૬૯૭ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૭૧ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૬૫૧ |
| અડદ | ૧૦૨૦ | ૧૪૩૦ |
| ચણા | ૯૩૦ | ૧૪૧૦ |
| કપાસ | ૭૫૦ | ૧૬૦૮ |
| જીરૂ | ૨૫૧૦ | ૪૫૧૦ |
| ધાણા | ૧૨૪૦ | ૧૩૧૬ |
| સોયાબીન | ૬૦૦ | ૮૬૭ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૯ | ૧૬૧૧ |
| કપાસ કોડી | ૧૧૩૦ | ૧૩૧૦ |
| મગફળી | ૧૦૭૮ | ૧૨૪૨ |
| જીરૂ | ૩૯૮૩ | ૪૭૪૭ |
| સોયાબીન | ૭૬૯ | ૮૨૧ |
| તલ | ૩૦૫૦ | ૩૬૫૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૪૦૦ | ૧૫૫૪ |

| | | |
|---|---|---|
| **સાવરકુંડલા** | | |
| શીંગ-જીણી | ૧૦૦૦ | ૧૧૪૧ |
| શીંગ - મોટી | ૧૧૦૦ | ૧૨૩૧ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૪૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૬૨૬ |
| કપાસ | ૧૩૫૦ | ૧૬૦૩ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૬૫૪ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૬૫૯ |
| બાજરો | ૫૦૦ | ૫૮૦ |
| અડદ | ૮૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૮૦ |
| તુવેર | ૧૭૦૦ | - |
| સોયાબીન | ૭૨૧ | ૮૬૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૬૩ |
| મગફળી | ૮૫૧ | ૧૦૭૩ |
| ઘઉં | ૫૮૧ | ૫૮૧ |
| અડદ | ૧૬૧૫ | ૧૬૧૫ |
| સોયાબીન | ૬૬૦ | ૮૦૧ |
| એરંડા | ૧૧૪૧ | ૧૧૪૧ |
| મકાઇ | ૫૩૫ | ૫૩૫ |
| **કોડીનાર** | | |
| મગ.જી-૨૦ | ૯૨૫ | ૧૨૦૯ |
| મગફળી૩૨નં. | ૯૦૦ | ૧૧૧૭ |
| બાજરી | ૫૦૦ | ૬૦૦ |
| ઘઉં | ૫૨૫ | ૬૪૮ |
| સફેદતલ | ૨૨૫૦ | ૨૪૨૨ |
| સોયાબીન | ૭૬૧ | ૮૬૯ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| રજકો | ૪૦૦૦ | ૪૭૨૫ |
| કપાસ | ૧૩૦૮ | ૧૫૮૩ |

| | | |
|---|---|---|
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૨૭૬ | ૧૬૫૨ |
| શીંગ ૩૨ | ૯૪૪ | ૧૧૦૫ |
| શીંગ ૩૯ | ૯૫૧ | ૧૧૬૬ |
| બાજરીં | ૫૩૬ | ૬૬૬ |
| ઘંઉ ટુકડા | ૫૦૧ | ૭૨૬ |
| અડદ | ૧૨૪૮ | ૧૬૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૮૧ |
| ચણા | ૯૯૯ | ૯૯૯ |
| તલસફેદ | ૧૦૦૦ | ૨૫૫૦ |
| ડુંગળીલાલ | ૨૦૦ | ૯૭૫ |
| ડુંગળી સફેદ | ૨૬૬ | ૮૧૨ |
| કપાસશંકર | ૯૧૩ | ૧૫૦૨ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૩૦૦ |
| મગ | ૧૪૦૧ | ૧૪૦૧ |
| નાળીયેર | ૪૦૫ | ૨૭૫૮ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૯૯ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૫૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૬૦ |
| બાજરો | ૫૨૦ | ૭૬૧ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૭૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૯૨૬ |
| ચણા | ૧૧૫૨ | ૧૩૦૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૧૦ |
| જુવાર | ૪૮૫ | ૮૧૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૦૫૦ | ૧૦૬૨ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૬૪૭ |

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૫૨૨ | ૬૨૭ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૮૨ |
| અડદ | ૧૩૦૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૫૫૪ | ૮૧૦ |
| જુવાર | ૫૫૦ | ૫૫૦ |
| મગફળી | ૭૨૪ | ૮૭૨ |
| મકાઈ | ૫૫૧ | ૫૫૧ |
| ચણા સફેદ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ચણા | ૭૦૫ | ૧૩૨૫ |
| સીંગદાણા | ૯૦૦ | ૧૦૬૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૪૦૦ | ૫૩૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૮૦ |
| મગ | ૧૩૦૦ | ૧૫૧૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૮૪૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૯૪૫ |
| વાલ | ૧૦૦૦ | ૧૭૧૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૬૪૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૨૨૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૨૫૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૧૦ |
| રાયડો | ૯૦૦ | ૯૮૪ |
| રાઈ | ૧૧૫૦ | ૧૩૨૮ |
| લસણ | ૫૦૦૦ | ૬૯૦૦ |
| જીરૂ | ૪,૦૫૦ | ૬,૪૭૦ |
| અજમો | ૨૪૧૦ | ૫૦૫૦ |
| ધાણા | ૯૦૦ | ૧૩૧૫ |
| મરચા સૂકા | ૧૨૫૦ | ૬૨૪૦ |
| ડુંગળી | ૫૦ | ૨૩૦ |
| વટાણા | ૭૦૦ | ૧૫૫૦ |
| **ગોંડલ** | | |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૧૧ | ૧૫૯૧ |
| ઘઉં લોકવન | ૫૮૦ | ૭૨૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૨ |
| મગફળીજીણી | ૮૫૧ | ૧૦૯૬ |
| જીરૂ | ૩૩૫૧ | ૪૯૨૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૬૪૧ |
| તુવેર | ૧૨૨૧ | ૧૯૫૧ |
| મેથી | ૯૬૧ | ૯૬૧ |
| મગફળીજાડી | ૧૧૫૧ | ૧૩૯૧ |
| એરંડા | ૧૧૧૧ | ૧૨૬૬ |
| ધાણા | ૮૦૧ | ૧૬૫૧ |
| જુવાર | ૩૦૧ | ૭૫૧ |
| મકાઈ | ૫૭૧ | ૫૭૧ |
| વાલ | ૮૦૦ | ૧૪૦૦ |
| ચોળી/ચોળા | ૭૦૧ | ૨૪૦૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૦૫ |
| ઘઉં | ૪૫૦ | ૬૦૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૭૩ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| શિંગફાડા | ૮૦૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૪૫૫૦ | ૪૫૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૬૫ |

# ૨૦૧૬માં પૉસ્ટ ટ્રુથ, ૨૦૨૪માં શું?

વિચાર વલોણું




જયવંત પંડ્યા


સોશિયલ મીડિયાના ઉદ્ભવ વખતે હોબાળો નહોતો કારણકે લોકો માનતા હતા કે તેમાં લોકો પોતાના પારિવારિક, સામાજિક અને વ્યાવસાયિક જીવન વિશે લખશે, પણ જેમજેમ સૉશિયલ મીડિયા પર લોકો મેઈનસ્ટ્રીમ મીડિયાના પૂર્વગ્રહને ખુલ્લું પાડવા લાગ્યા તેમતેમ મેઈનસ્ટ્રીમ મીડિયામાં કામ કરતા લોકોએ પોતાને સુધારવાના બદલે, તટસ્થ બનવાના બદલે સૉશિયલ મીડિયામાં લખતા લોકોને ટ્રૉલનું કુખ્યાત લેબલ મારી દીધું. જે લોકો તર્કથી ઉત્તર નથી આપી શકતા તેમને ટ્રૉલ કહેવામાં મને કોઈ વાંધો નથી, જે ધમકી પર ઉતરી આવે છે, જે ગાળાગાળી કરે છે, જે વ્યક્તિગત આક્ષેપો કરે છે, જે તમારું ચરિત્રહનન કરે છે, તેવા લોકો ટ્રૉલ જ છે અને તે કોઈ પણ વિચારસરણીમાં છે જ. પરંતુ ટીકા કરનારા બધાને ટ્રૉલ ન કહી શકાય. આ સાથે મેઈનસ્ટ્રીમ મીડિયામાં કામ કરતા લોકોએ સૉશિયલ મીડિયા પર અને પોતાને જ્યાં છુટો દોર મળેલો છે તેવા મેઈનસ્ટ્રીમ મીડિયામાં સૉશિયલ મીડિયાની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઉઠાવવા લાગ્યા. ઘણી એવી ઘટનાઓ બની પણ ખરી, જેમ કે દિલીપકુમારના મૃત્યુના સમાચાર. મોદીએ દરેકના ખાતામાં ૧૫ લાખ રૂપિયા આવશે તેવું વચન આપ્યું તેવા સમાચાર. ભારતનું રાષ્ટ્રગીત યુએનમાં શ્રેષ્ઠ જાહેર થયું છે તેવા સમાચાર. યુટ્યૂબમાં તો સ્મૃતિ ઈરાની મોદીનાં પત્ની છે તેવા થમ્બનેલ સાથે વીડિયો મૂકાતા. અંદર ભળતું જ હોય. પરંતુ મેઈનસ્ટ્રીમ મીડિયાની આ પ્રકારના સમાચારની ગજબ સ્ટાઈલ છે. સૉશિયલ મીડિયાએ મેઈનસ્ટ્રીમ મીડિયાને કહેવું હોય તો કહી શકાય, આપ હત્યા કરતે હૈ તો ચર્ચા ભી નહીં હોતા ઔર હમ આહ ભરતે હૈ તો ભી હો જાતે હૈ કુખ્યાત. અહીં મેઈનસ્ટ્રીમ મીડિયા શબ્દ મેં જેટલી વાર વાપર્યો છે તે સેક્યુલર અથવા લેફ્ટ-લિબરલ મીડિયાના સંદર્ભમાં ગણવો. મેઈનસ્ટ્રીમ મીડિયાએ હેડિંગથી માંડીને કૉલમોમાં જે બદમાશી કરી છે તેની ચર્ચા અને ઉદાહરણો આપવા બેસીએ તો ગ્રંથના ગ્રંથ ભરાય. નકરો (હાડોહાડ) પૂર્વગ્રહ. બે ઉદાહરણ આપું. સ્મૃતિ ઈરાની માટે કેટલાય વખત સુધી ઍક્ટ્રેસ ટર્ન્ડ પૉલિટિશિયન શબ્દ વાપર્યે રાખ્યો. સોનિયા ગાંધી માટે આવું લખવું હોય તો? એ લોકોનું સપનામાં પણ સાહસ ન થાય. આ જ રીતે ભાજપ માટે હંમેશાં સેફ્રન પાર્ટી (૧૯૮૦માં ભાજપ બન્યો ત્યારથી તેના ધ્વજમાં લીલો રંગ પણ છે જ), સંઘ અને તેની વૈચારિક સંસ્થાઓ માટે રેડિકલ હિન્દુ ઑર્ગેનાઈઝેશન આવા શબ્દો વાપરતા. તેના નેતાઓનાં નિવેદનો માટે કૉમ્યૂનલ હેટ્રેડ સ્પ્રેડર ટેગ મારતા. કૉંગ્રેસથી માંડીને મુસ્લિમ લીગ, મિમ, સપ, રાજદ, જનતા દળ (યૂ) વગેરે માટે આવા કોઈ છોગાં નથી હોતા. આ મીડિયા આજે પણ હિઝબુલ્લાના આતંકવાદીઓ માટે ટેરરિસ્ટ શબ્દ નથી વાપરતા, કમાન્ડર, ચીફ વગેરે શબ્દો વાપરે છે. જમ્મુ-કાશ્મીરમાં મરાતા આતંકવાદીઓ વિશે પણ તેઓ ફિદાયીન, ઍક્સ્ટ્રિમિસ્ટ વગેરે શબ્દાવલિ ઘણા વખત સુધી પ્રયોજતા.

સ્ત્રીઓ માટે પશ્ચિમી વિચારસરણીવાળી વાત હોય તો તેને પ્રૉગ્રેસિવ અને મૉડર્ન ટેગ લગાવી દેવાનો. અને સ્ત્રીને પરંપરા નિભાવવાની વાત જો હિન્દુ તરફથી થાય તો રિગ્રેસિવ અને બેકવર્ડ ટેગ મારી દેવાનો પરંતુ મુલ્લા-મૌલવી બોલે તો તેને અવગણવાનું. જો છાપવું/બતાવવું જ હોય તો તેને કોઈ ટેગ નહીં મારવાનું. આવાં મીડિયાનો ભોગ ડૉનાલ્ડ ટ્રમ્પ અને નરેન્દ્ર મોદી બંને બન્યા છે. અગાઉ અટલબિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી અને સંઘના નેતાઓ બનતા. માત્ર મીડિયાનો ભોગ જ નહીં, કાર્ટૂન, કૉમેડી, ફિલ્મો, નાટક, ટીવી શ્રેણી વગેરેમાં પણ. અને એટલે જ ત્રીજી વાર ચૂંટણી લડતા ડૉનાલ્ડ ટ્રમ્પનો બે વારનો વિજય મહત્ત્વનો છે. ડૉનાલ્ડ ટ્રમ્પને પ્રિન્ટ, ઈલેક્ટ્રૉનિકથી માંડીને ડિજિટલ મીડિયાએ ટાર્ગેટ કર્યા હતા. ન્યૂ યૉર્ક ટાઈમ્સ, વૉશિંગ્ટન પૉસ્ટ, સીએનએન વગેરેએ ડૉનાલ્ડ ટ્રમ્પ વિરોધી સમાચાર આપ-આપ કર્યા. ગૂગલે તો ટ્રમ્પ પર ગોળીબારના સમાચાર બ્લૉક કરી દીધા. ઈવન, સૉશિયલ મીડિયા ટ્વિટરે પણ તેમને પ્રતિબંધિત કર્યા. એલન મસ્કે ટ્વિટર ખરીદ્યું તે પહેલાંની વાત છે. બેધડક સત્ય કહેતા અને ઉપર કહ્યાં તે આંતરરાષ્ટ્રીય મીડિયા સાથે સંબંધ ધરાવતા એક મીડિયાએ તો સર્વે, ડિબેટ વગેરે સમાચારોમાં ડૉનાલ્ડ ટ્રમ્પ પાછળ, પાછળ એવા સમાચારો છાપ-છાપ કર્યા. ડૉનાલ્ડ ટ્રમ્પની હત્યાનો બીજી વાર પ્રયાસ થયો ત્યારે એવું હેડિંગ આપ્યું કે તેમણે હત્યાના પ્રયાસનો લાભ લઈ ડૉનેશન ઉઘરાવ્યું. મૂળ સમાચાર આપ્યા જ નહીં. ટ્રમ્પ, કમલા હેરિસ બંનેનાં કાર્ટૂન છાપ્યાં પરંતુ દસ કાર્ટૂનમાંથી ત્રણ જ ઠઠ્ઠાચિત્રો કમલા હેરિસની ફિરકી લેનારાં હતાં. આજે પણ ટ્રમ્પના વિજયના સમાચારમાં શરૂઆતમાં જ ટ્રમ્પ સજા પામેલા છે તેવું વિશેષણ લગાવી દીધું. અને એટલે જ ટ્રમ્પનો વિજય ઐતિહાસિક અને ખૂબ મહત્ત્વનો છે. ટ્રમ્પ સામે અનેક કેસો કરવામાં આવ્યા, મહાભિયોગની કાર્યવાહી કરવામાં આવી, તેમની સામે ચરિત્રના છાંટા ઉડાડાયા. આમ છતાં તેઓ જીત્યા છે. ૨૦૧૬માં ટ્રમ્પના વિજય પછી લેફ્ટ-લિબરલોએ એક શબ્દ તરતો મૂક્યો હતો - 'પૉસ્ટ ટ્રૂથ'. આ વખતે શું મૂકશે? જોકે કૉંગ્રેસ નેતા મણિશંકર અય્યર મેદાનમાં આવી ગયા છે. તેમણે ટ્રમ્પના ચરિત્રના સંદર્ભ સાથે કહ્યું છે કે આવી વ્યક્તિ રાષ્ટ્રપ્રમુખ બને તે દુઃખદ છે. મણિશંકર અય્યરજી, બિલ ક્લિન્ટન દૂધના ધોયેલા હતા? જૉન એફ. કેનેડી અને અભિનેત્રી મેરેલિન મનરો વિશે પણ બોલનારાના મોઢે ગળણાં બાંધી નથી શકાયા. બ્રિટનમાં પ્રિન્સેસ ડાયેનાનું પ્રકરણ તો જગજાહેર છે. નહેરુ-ઍડ્વિના માઉન્ટબેટન, નહેરુ-પદ્મજા નાયડુ, નહેરુનાં બહેન વિજયાલક્ષ્મી પંડિત-સૈયદ હુસૈન, ઈન્દિરા ગાંધી-એમ. ઓ. મથાઈ, યોગાચાર્ય ધીરેન્દ્ર બ્રહ્મચારી વિશે પણ આક્ષેપો થયેલા છે, તે તરફ પણ જોજો. બાંગ્લાદેશી પત્રકાર સલાહુદ્દીન શોએબ ચૌધરીએ રાહુલ ગાંધી વિશે કરેલા સ-તસવીર આક્ષેપો વિશે શું કહેશો? એક રાજકુંવર પર સુકન્યાએ બળાત્કારનો આરોપ મૂક્યો હતો, પત્રકાર પરિષદ કરી હતી અને તે સુકન્યા અદૃશ્ય થઈ ગઈ હતી તેના વિશે શું કહેશો? એક રાજમાતા અને



એક રાજવી દિલ્લીમાં કાર અકસ્માતના કારણે મોડી રાત્રે સાથે ભ્રમણ કરી રહ્યા હોવાનું તથાકથિત બહાર આવ્યું હતું તેના વિશે શું કહેશો? અટલજીએ તો પોતે જ સ્વીકાર્યું હતું કે તેઓ અપરિણીત છે, કુંવારા નથી. મણિશંકર અય્યરજી, રાજકુમારનો સંવાદ તો ખબર જ હશે, જિન કે ઘર શીશે કે હો, વો દૂસરોં કે ઘર પર પત્થર નહીં ફેંકા કરતે. ૨૦૧૬માં ઘણા બધા લોકો લખવા લાગ્યા હતા કે ટ્રમ્પ ઈઝ નૉટ અવર પ્રેસિડેન્ટ. આ વખતે શું ચાલુ થાય છે તે જોવાનું રહ્યું. એ વાત તો નક્કી છે કે લેફ્ટ-લિબરલો શાંત તો નહીં જ બેસી જાય. જ્યારે દુનિયાના એક મહત્ત્વના ભાગને સામ્યવાદે આકર્ષ્યો હતો ત્યારે અમેરિકાએ પહેલાં જ રાજકીય સામ્યવાદ પર પ્રતિબંધ લાદી દીધો હતો. આજે વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની વાતો કરતા અમેરિકામાં કમ્યૂનિસ્ટ કન્ટ્રૉલ ઍક્ટ ઑફ ૧૯૫૪ દ્વારા સામ્યવાદી પક્ષ પર તો પ્રતિબંધ મૂકી દીધો, પણ સામ્યવાદ હંગેરી, જર્મનીથી થઈ નિયો માર્ક્સિઝમના નામે સાંસ્કૃતિક ત્રાસવાદ અમેરિકા પહોંચ્યો. અને શિક્ષણ દ્વારા તેની પોતાની વિચારસરણી ફેલાવા લાગી. પરિણામે અમેરિકામાં ભલે સામ્યવાદી પક્ષ ન રહ્યો, પણ ડેમોક્રેટ પક્ષ સામ્યવાદી જેવો જ બની ગયો. ભારતમાં નહેરુથી લઈને સોનિયા ગાંધી-રાહુલ ગાંધી સુધી જેમના હાથમાં કૉંગ્રેસની સત્તા રહી (ઈન્દિરા-રાજીવ ગાંધી થોડા અંશે અપવાદ) તેમણે કૉંગ્રેસને ડાબેરી ઝુકાવ આપ્યો. તાજેતરમાં જેમનું નિધન થયું તેવા સીપીએમ નેતા સીતારામ યેચુરીનાં પત્ની સીમા ચિશ્તી જેનાં તંત્રી છે તેવી વેબસાઈટ 'ધ વાયર' પર મીના કંડાસામી નામની સામ્યવાદી લેખિકાના લેખનું શીર્ષક છે, 'રેડિકલ રાહુલ ગાંધી નૉ બૉડી ઍક્સ્પેક્ટેડ'. લેખિકા કહે છે કે "મારા જીવન ભાગીદાર (આજકાલ આ લોકોએ નવો શબ્દ અંગ્રેજીમાં આપ્યો છે – પાર્ટનર. કારણકે તેઓ લગ્ન કરે કે ન કરે, પાર્ટનર તરીકે ચાલે, કમ્પેનિયન નહીં, પાર્ટનર.) જે ટ્રૉટસ્કિસ્ટ (તે પણ સામ્યવાદી વિચારસરણીની માર્ક્સિઝમ, લેનિનિઝમ, માઓઈસ્ટની જેમ એક પાંખ છે) છે, તેણે કહ્યું કે 'કૉંગ્રેસ તો બુર્ઝુવાનો પક્ષ છે.'' અર્થાત્ કૉંગ્રેસ તો જમીનદારોનો-શોષણખોરોનો પક્ષ છે. પછી મીના કાંડાસામી કઈ રીતે અને કોની સહાયથી રાહુલ ગાંધીને મળી, રાહુલ ગાંધીની સામે બેઠી કે જમણે-ડાબે, તેનું ઝીણવટભર્યું વર્ણન કર્યું છે. રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાનું વર્ણન કર્યું છે અને એવું સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે કે રાહુલ ગાંધીએ ડાબેરી નેતાની ખોટ પૂરી કરી છે. હેડિંગ તો એવું સૂચવે છે કે રાહુલ ગાંધી રેડિકલ (લેફ્ટિસ્ટ) છે. એટલે માત્ર ડેમોક્રેટ કે કૉંગ્રેસને રાજકીય રીતે હરાવવાથી કશું નહીં વળે. ટ્રમ્પ અને મોદીએ ભેગા મળીને હવે અમેરિકાથી માંડીને ભારતની કૉર્ટ, મેઈનસ્ટ્રીમ મીડિયા, હૉલિવૂડ, બૉલિવૂડ, એફબીઆઈ, રૉ (એ. એસ. દુલાત જેવા ત્યાં પણ હોય છે.) વગેરેમાં બેઠેલા લેફ્ટ-લિબરલોને શોધી-શોધીને દરવાજો બતાવવો પડશે. વિચારસરણીનું બીજ શિક્ષણમાં રહેલું છે, જે ત્યાંથી ન્યાયતંત્ર, પોલીસ, ફેસબુક, ગૂગલ જેવી ટેક કંપનીઓ, ઉદ્યોગો અને રાજકીય પક્ષોમાં પણ પહોંચે છે. આજે રાહુલ ગાંધીની નજીક હાર્ડકૉર લેફ્ટિસ્ટ કનૈયાકુમાર અને જિજ્ઞેશ મેવાણી જેવા લોકો છે અને ખરેખર તો, જ્યાં સુધી મૂડીવાદ રહેશે ત્યાં સુધી સામ્યવાદ રહેશે જ. કારણકે મૂડીવાદ માત્ર પૈસો જુએ છે. અટલ બ્રિજની ફી રૂ. ૧૫થી વધીને રૂ. ૩૫ કરી નાખવામાં આવે તો દલીલ થાય છે કે તેને ગંદો કરનારા લોકો અને જિહાદીઓ દૂર રહેશે, પરંતુ તેવું ન તો કાંકરિયામાં બન્યું છે કે ન તો બીજી કોઈ જગ્યાએ બન્યું છે. આવા લોકોને અસામાજિકતા ફેલાવવાના પૈસા મળી જ રહે છે. પરંતુ આના લીધે જે મધ્યમ વર્ગ કે ગરીબ વર્ગ પીસાય છે તે કોઈ જોતું નથી. સરકારની યોજનાઓ છે, પરંતુ સરકારની યોજનાઓ માટે હાથ ફેલાવવાનું મધ્યમ વર્ગને ગમતું નથી. કાગળિયા કામમાં સરકારી બાબુઓ ધક્કા ખવડાવી હેરાન કરી નાખે છે. લાંચ માગે છે. ઘણી વાર તો સીધી ના પાડી દે છે. ગરીબોના આધાર કાર્ડ પર યોજનાઓના લાભ લેનારા તો ગરીબ કે મધ્યમ વર્ગના ન હોવા છતાં આવી યોજનાઓના લાભ લઈ લે છે. આરટીઈનો લાભ લેનારા ધનવાન કે ઉચ્ચ મધ્યમ વર્ગના લોકો પણ હોય જ છે ને. આથી એવી વિચારસરણી પણ આપવી પડશે જે મધ્યમ વર્ગ અને ગરીબો બધાને આકર્ષી શકે. સપનાં પણ દેખાડી શકે અને સામ્યવાદની જેમ નિરાશ કરવાના બદલે, સાકાર પણ કરી શકે. ફેસબુક, ગૂગલ, ટ્વિટર (એ તો હવે પોતાના સંતાનના કડવા અનુભવ પછી ઉદ્યોગપતિ એલન મસ્કે ખરીદી લીધું છે) જેવા નવાં વિચારો લાવી શકે, રૂઢિવાદીઓના નિવેદનોમાં ઉગ્રતા હોય છે, આત્મીયતાનો દેખીતો અભાવ હોય છે. તેમની તસવીરો પણ એવી જ વહેતી થાય છે. બીજી બાજુ, સામ્યવાદીઓની તસવીરો હસતી, કે રૂદન કરતી હોય છે. યુવાનોમાં સિસ્ટમ સામે આક્રોશ હોય છે. આ આક્રોશને સમજવો પડે. તેનું સમાધાન લાવવું પડે. સામ્યવાદીઓ આ આક્રોશને જ ઝડપે છે. કેપિટલ (અંકે) કરે છે. એક કહેવત છે કે જો તમે યુવાન હો અને સામ્યવાદી ન હો તો તમે મૂર્ખ છો. જો તમે આધેડ વયના હો અને છતાં સામ્યવાદી હો તો તમે મહા મૂર્ખ છો.

સાહિત્ય, અભિનય અને સંગીતનાં માધ્યમો દ્વારા સાંસ્કૃતિક રીતે યુવાનોને આકર્ષી શકે તેવી વિચારસરણી લાવવી પડે, જે પરિવારને એક રાખવાનો સંદેશ આપી શકે. સામ્યવાદીઓ એક એવું સામૂહિક વાતાવરણ સર્જી શકે છે જેના લીધે સામ્યવાદી ન હોય તેવી ઘણી વ્યક્તિ પણ પોતાને પ્રૉગ્રેસિવ, મૉડર્ન અથવા રૂઢિવિરોધી સાબિત કરવા પ્રયાસ કરવા લાગે છે. સામ્યવાદી જેને તોડવા માગે છે તેના જ લોકોને શસ્ત્ર બનાવે છે. દા. ત. નિઓ માર્ક્સિઝમ આપનાર જ્યૉર્જી લ્યુકાક્સ પોતે કંઈ શોષિત નહોતો. પણ હા, પંથની રીતે તે પીડિત હતો. તે યહૂદી હતો. આ હિસાબે તો તેણે ચુસ્ત યહૂદી બનવું જોઈતું હતું, પરંતુ કાર્લ માર્ક્સના પ્રભાવમાં તે સામ્યવાદી બની ગયો. બ્રાહ્મણવાદે જ દલિતોનું શોષણ કર્યું છે તેવી થિયરીને ભારતમાં ઉપાજાવનાર સામ્યવાદીઓમાં પણ વર્ચસ્વ તો ઉચ્ચ વર્ગનું જ છે. આવી કોઈ વિચારસરણી બીજી બાજુ નથી જે આવું સામૂહિક વાતાવરણ સર્જી શકે. વિશેષ તો પૈસા કમાતા અટકાવી શકે. જો તમે લેફ્ટ-લિબરલ ન હો તો તમને કામ ન મળી શકે, એટલે જ બધા કલાકારો લેફ્ટ-લિબરલ ન હોવા છતાં તેમને ફિલ્મ, નાટક, સંગીત, વગેરે કળા અને સાહિત્યમાં ટકી રહેવા લેફ્ટ-લિબરલ દેખાવું પડે છે. મેટ ગાલા નામનો ફેશન કાર્યક્રમ થયો ત્યારે પેલેસ્ટાઈન તરફી લોકોના દબાણના લીધે તે પછી મૉડલો, આલિયા ભટ્ટ, માધુરી દીક્ષિત વગેરે ફિલ્મ કલાકારોએ 'ઑલ આય્ઝ ઑન રાફા' હેશટેગ સાથે પેલેસ્ટાઈન તરફી ટ્વીટ, ઈન્સ્ટાગ્રામ પૉસ્ટ વગેરે કરવાં પડ્યાં હતાં. આ જ કલાકારો બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર છતાં 'ઑલ આય્ઝ ઑન ઢાકા' કે કેનેડામાં મંદિરો પર ખાલિસ્તાનીઓના આક્રમણ છતાં 'ઑલ આય્ઝ ઑન કેનેડા' હેશટેગ સાથે પૉસ્ટ કરતા નથી, કારણકે તેમને આમ નહીં કરવાથી કામ ખોવાનો કોઈ ભય નથી. 'નાગીન' ફિલ્મમાં છ જણા નાગ (જિતેન્દ્ર) અને નાગણ (રીના રોય)ની કામક્રીડા જોવા જાય છે. અનિલ ધવન નાગને મારી નાખે છે. આનો બદલો છએ છ લોકો સામે લેવા માટે નાગણ ગમે તેનું રૂપ ધારણ કરી પહોંચી જાય છે. પાંચેને સમાપ્ત કરી નાખે છે. છેલ્લે બચે છે સુનિલ દત્ત, જે એક તાંત્રિકે આપેલું 'ૐ'વાળું લૉકેટ પહેરી રાખે છે અને બચી જાય છે. સામ્યવાદનું પણ આ નાગણ જેવું છે. ૐવાળું લૉકેટ તેનાથી બચાવી શકશે. ■ jaywant.pandya@gmail.com

# સમજેલાને ક્યારે સમજાવવા પડે..?

હાસ્યાય નમઃ




ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩


(૧)' ચાહુંગા મૈં તુમ્હે સાંજ સવેરે' ગીત ગાનારાઓ બપોરે શું કરતાં હશે?

કનુભાઈ લિંબાસિયા 'કનવર'(ચિત્તલ હાલ કેનેડા)

પસ્તાવો.

(૨)સારા કામે ઘેરથી નીકળતા ગાયને બદલે ગધેડો આડો ઉતરે, આગળ જતાં બિલાડી આડી ઉતરે, આગળ જતાં રસ્તામાં રૂપાળી છોકરી છીંક ખાય તો તમે શું કરો?

ડાહ્યાભાઈ આદ્રોજા (લિલિયા મોટા)

ફોન કરીને તમારી સલાહ માગું.

(૩) રામલીલા અને રાસલીલા વચ્ચે શું તફાવત છે?

યોગેશભાઈ આર. જોશી (હાલોલ જિ.પંચમહાલ)

રામાવતાર અને કૃષ્ણાવતાર જેટલો.

(૪)બિચારા પતિઓને જ કેમ માળિયા સાફ કરવાના?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

ઘણા તો બીજાના માળિયામાં ચડે છે એ વાંધો છે!

(૫)મારું વજન નેવું કિલો છે. તાત્કાલિક વજન ઘટાડવાનો કોઈ ઉપાય?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

બીજો અવતાર લઈ લ્યો. નેવું કિલોમાંથી સીધા ત્રણ કિલોના થઈ જશો.

(૬)આધારકાર્ડનો મુખ્ય ઉપયોગ શું?

દર્શન પટેલ (વડોદરા)

કોઈ આપણને રૂપાળા કહેતું હોય તો આપણે જાતે આધારકાર્ડ જોઈને નક્કી કરી શકીએ એ.

(૭)પરીક્ષામાં બેસવાની મજા ક્યારે આવે?

પાંડોર નિધિ ' રાહી ' (બાયડ)

આપણી બહેનપણીને તૈયારી ન થઈ હોય અને આપણને બધું આવડતું હોય ત્યારે!

(૮)સાહેબ..! સાચો જવાબ આપવામાં તમને ક્યારેય તકલીફ પડેલી..?

ધોરાજીયા ઘનશ્યામભાઈ એન. (સાજણટીંબા)

અત્યારે થોડી થોડી પડે છે.

(૯) સરકારી કામ ઘકકા ખાધા વગર પતે તો કેવો અનુભવ થાય?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

જમ્યા વગર ધરાઈ ગયા હોઈએ એવો.

(૧૦) સમજેલાને કયારે સમજાવવા પડે..?

ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)

એ ભૂલી જાય કે પોતે સમજેલો છે ત્યારે.

(૧૧) મે એવું સાંભળ્યું છે કે તમે દિવાળી પર ફટાકડા ફોડતા ડરો છો?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

હું તમને ચાંદલિયા ફોડતો હોઉં એવો બાળપણનો ફોટો મોકલીશ.

(૧૨) લવિંગિયાને ગુજરાતીમાં શું કહેવાય?

જય દવે (ભાવનગર))

પ્રેમિંગિયા!

(૧૩)વરસના વચલા દિવસે શું કર્યું ?

કનુભાઈ પરમાર (દામનગર)

નવા વરસે કોની ઘેર ઘૂઘરા ઉઘરાવવા જવું એની યાદી અને રૂટ તૈયાર કર્યો.

(૧૪)આ વખતે દિવાળીમાં કેવું વરસ જાશે એ જણાવશો ?

મુસ્તુફા કનોજીયા (રાજુલા)

ટનાટન.

(૧૫)તમે મોદીસાહેબના કાર્યક્રમમાં ગયા હતા?


રામભાઈ પટેલ (સુરત)

ના, હું જાઉં તો પોલીસને સુરક્ષાના કારણોસર દોડાદોડી બમણી થઈ જાય! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# અમેરિકા – રાષ્ટ્રપ્રથમ, રાષ્ટ્રવાદી નવી દુનિયા ?

રાજકીય રસધાર




પ્રવીણ માધાણી


અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી પૂરી થઈ ચૂકી છે. આપણે ત્યાં વીસ ત્રીસ વર્ષ પહેલા ચૂંટણીમાં બનતી એવી બેલેટબોક્સ સળગાવવાની અને ઉમેદવાર ઉપર ઘાતક હુમલા જેવી ઘટનાઓ આ વખતની અમેરિકાની ચૂંટણીમાં બની હતી. આક્ષેપ પ્રતિઆક્ષેપ ગાલીગલોચ સુધી પહોચી ગયા હતા. ભાષાનું સ્તર ભારતની ચૂંટણીઓ જેવું જ જોવા મળ્યું હતું. નવ નિર્વાચિત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સતારૂઢ થવાથી ભારતને શું ફાયદો કે નુકસાન થશે તેની ચર્ચાઓ મંડાઈ ગઈ છે. અમેરિકાના પરિણામોથી આનંદિત અને દુઃખી થવાવાળા બંને પક્ષો ભારતમાં મોટા પ્રમાણમાં છે. અમેરિકા સુપર પાવર દેશ છે, એવું સરેરાશ ભારતીય સ્વીકારે છે. વિશ્વના આશરે ત્રણ ડઝન દેશમાં લશ્કરી થાણાઓ અમેરિકાના છે. દુનિયાના કોઈ ખૂણે ચાલતા વિવાદમાં અમેરિકાનો પગ હોય જ છે. એ કારણે જગત જમાદાર જેવું અળખામણું બિરુદ પણ ધરાવે છે. અમેરિકાની વૈશ્વિક તાકાતને લીધે વિશ્વનો દરેક દેશ ત્યાં કોણ પ્રમુખ બનશે અને એના બનવાથી શું ફાયદા ગેરફાયદા થશે એ સમીકરણો બેસાડે એ સ્વાભાવિક છે. બાકી આજે ઈંગ્લેન્ડ, ફ્રાંસ, જાપાન જેવા દેશમાં સત્તા પરિવર્તન થાય તો વધુ ઉહાપોહ નથી થતો. ભારત તરફથી નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે ઓબામા, બાઈડેન બાદ ટ્રમ્પ એમ ત્રીજા અમેરિકન પ્રમુખ સાથે કામ કરશે. ભૂતકાળમાં એમણે ટ્રમ્પ સાથે પણ કામ કર્યું છે, બંનેની કેમેસ્ટ્રી સારી હોવાનો ફાયદો ભારતને જરૂર મળી શકે છે. પણ અમેરિકાના બીજા દેશો પ્રત્યેના દ્રષ્ટિકોણ અંગે લાંબી ભવિષ્યવાણી કરી શકાય એમ નથી. સરવાળે એ તર્ક અને તથ્ય તારવી શકાય કે જે અમેરિકાના હિતમાં હશે, અને ભારત તેનું સમર્થન કે પહેલ કરતુ હશે, એ બિંદુ સુધી સહકાર અને ભાઈબંધી ચાલતી રહેશે.

ભારત માટે મોટો ફાયદો ટ્રમ્પનું પાકિસ્તાન, ચીન સામેનું વલણ છે. એ જાહેરમાં પાકિસ્તાનને આતંકવાદ સામેની લડાઈમાં વિશ્વાસઘાતી કહી ચુક્યા છે અને એમણે જ પાકિસ્તાનને લશ્કરી સહાય બંધ કરી હતી. જે ફરીથી બાયડેને શરુ કરી હતી. ભારત પાકિસ્તાનને દુનિયામાં એકલું પાડવા સક્ષમ બન્યું હોય તો ભારતની એ વિદેશનીતિને જે તે સમયે ટ્રમ્પનો ટેકો મહત્વનો હતો. પહેલી વખત અમેરિકાએ પાકિસ્તાનના બદલે ભારતને ખુલ્લું ભૌગોલિક પ્રાધાન્ય આપીને દરેક મોરચે પાકિસ્તાનની સામે સમર્થન આપ્યું હતું. અલબત ભારતની ઉભરતી તાકાત પણ એટલી જ અગત્યની હતી અને છે. રશિયા તરફની તટસ્થતા અને ચીનની સામેનો વિરુદ્ધ આક્રમક વેપારી અભિગમ ભારતને ફાયદો કરાવી શકે છે. દુનિયાના દેશોમાં ચાલી રહેલી ચાઈના પ્લસ વનની નીતિનો લાભ ભારતને વધુ તીવ્રતાથી મળી શકે છે. વધુમાં ભારતે જાજુ હરખાઈ જવાની પણ જરૂર નથી. ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પ ભારતની વેપાર નીતિઓને અયોગ્ય કહી ચુક્યા છે. પોતે વેપારી માણસ છે. એણે ચૂંટણી પ્રચાર દરમિયાન આયાત પર ટેરીફ લાગુ કરવાનું વચન આપ્યું છે, સ્વાભાવિક છે ભારત તરફથી થતી આયાત એમાં અપવાદ ન હોઈ શકે. અમેરિકા ફર્સ્ટની નીતિ અંતર્ગત અમેરિકાને વધુમાં વધુ લાભ થાય એ વલણ ચોક્કસ રહેશે.

આજે વિશ્વનો દરેક વિકસિત અને વિકાસશીલ દેશ દેશની અંદરના જાતિય અને સરહદ પારના સંઘર્ષોથી ચિંતિત છે. વધતા જતા આંતરિક અને સરહદી જાતિય સંઘર્ષો સામે દરેક પીડિત દેશ ધીમે ધીમે સાવધ થઈ રહ્યો છે. જેવી રીતે ભારત બાંગ્લાદેશ સરહદથી ઘુસણખોરીથી ત્રસ્ત છે તેવી રીતે અમેરિકા પણ ઘુસણખોરોથી ત્રસ્ત છે. ટ્રમ્પે 'અમેરિકા ફર્સ્ટ' નો નારો આપીને ગેરકાયદે ઘુસણખોરોને હાંકી કાઢવાની અને સરહદો સીલ કરવાની જોરશોરથી જાહેરાતો અને વાયદાઓ ચૂંટણી પ્રચાર દરમિયાન કર્યા છે. જેમાં અમેરિકાના સમર્થન છે તેવા યુદ્ધ રોકી દેવાની જાહેરાત પણ કરી છે. આજે સમગ્ર વિશ્વમાં નેશન ફર્સ્ટની થીયરી અમલમાં આવી રહી છે. શરણાર્થીઓ માટે આજદિન સુધી ઉદારવાદી રહેલા દેશોને એમના દેશમાં શરણાર્થીઓના ખરાબ અનુભવો થઈ રહ્યા છે. યુરોપના જે જે દેશોએ આ બાબતે માનવતાવાદી અભિગમ રાખીને શરણાર્થીઓને આવકાર્યા હતા આજે એ દેશોમાં શરણાર્થીઓ માથાનો દુઃખાવો બનતા જઈ રહ્યા છે અને અર્થતંત્ર પર અસર પાડી રહ્યા છે. અમેરિકા પણ તેમાંથી બાકાત નથી. પોતાના ટેક્સ સ્વરૂપે ચૂકવેલા પૈસા ક્યાં વપરાઈ રહ્યા છે એ અંગે અમેરિકન કરદાતા પણ જિજ્ઞાસુ છે.


અમેરિકામાં જે મુદ્દાઓ આધારે આ ચૂંટણી લડાઈ, ભારતમાં આ પ્રકારના પ્રચાર પ્રસાર અને આક્રમકતાને ભારતના લિબરલો અસહિષ્ણુતા અને લોકશાહી સામેનો ખતરો કહે છે. એમના વાણીવિલાસ, સ્ત્રી દ્વેષી વલણ, જાતિય શોષણના અંગત ગંભીર આરોપ અને એ અંતર્ગત ચાલતા મુકદમાઓ બાવજૂદ અમેરિકાએ ટ્રમ્પને પસંદ કર્યા છે. ટ્રમ્પે પ્રચાર દરમિયાન એ ઈશારા કર્યા હતા કે હવે અમેરિકાએ પોતાના માટે વધુ વિચારવું પડશે. પોતાના નાગરિકોની, બાળકોના ભવિષ્યની ચિંતા પ્રથમ કરવી પડશે. દુનિયાના ઝગડાઓમાં દરમિયાનગીરી કરતા અમેરિકાએ છેલ્લા ચાર વર્ષમાં વિક્રમ મોંઘવારી, નબળું અર્થતંત્ર જેવા ખુબ ખરાબ અનુભવો કરી લીધા. આંતરરાષ્ટ્રીય રાજનીતિ અને નીતિ ઘડતરમાં અમેરિકન નેતાગીરીની જે હાજરી સામાન્યત હોય છે એ છેલ્લા ચાર વર્ષ દરમિયાન ગેરહાજર જેવી હતી. આ બધા પરિબળોએ અમેરિકનોની પસંદગીમાં ટ્રમ્પને આગળ કરી દીધા.

એક રીતે ભારતીય દ્રષ્ટિકોણથી જોઈએ તો અમેરિકાની આ ચૂંટણી કૈંક અંશે રાષ્ટ્રવાદ આધારે લડાઈ હતી. સામાન્ય રીતે અમેરિકાની જનતા ચૂંટણીમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય, વૈયક્તિક અધિકારો, લોકશાહી મુલ્યો, આર્થિક નીતિઓ જેવ મુદ્દાઓ પર વોટ કરતી આવી છે. ત્યાં ઉમેદવારની વ્યક્તિગત છબી પણ બહુ પ્રસ્તુત કે મહત્વ રાખતી નથી હોતી. બીલ ક્લીન્ટન અને ડોનાલ્ડ ટ્રમ્પ જેવા પ્રમુખો મહિલાઓના જાતિય શોષણ જેવા ગંભીર આરોપ છતાં ચૂંટાઈ આવ્યા છે. અમેરિકા અમર્યાદ તકો અને વિચિત્ર કાયદાઓનો દેશ છે.

ક્વિક નોટ – ભારત અને અમેરિકાના સમાજ જીવનમાં પાયાનો તફાવત છે. ભારતમાં જાહેર વર્તન માટે જાજી સ્વતંત્રતાઓ છે. ઘરની અંદર બહોળા બંધનો છે. જયારે અમેરિકામાં જાહેર વર્તન માટે લોખંડી કાયદાઓ છે. ઘરની ચાર દીવાલની અંદર વ્યક્તિ પૂર્ણ સ્વતંત્ર છે. ■

production@infiniumpharmachem.com

# વાંકદેખી દુનિયાને ચૂપ નહિ કરી શકો એટલે બસ સારા સારા કામ કરતા રહો



દલપતરામને એમના એ જૂના જમાનાની પ્રતિભા અને એક સર્વોત્તમ માનવહૃદય તરીકે જુઓ તો અદ્વિતીય છે. એમણે તત્કાલીન સમાજની અનેક કહેવાતી હોશિયારીને નિશાનમાં લીધેલી છે. બીજાનો વાંક જોવો અને ઉચ્ચારવો એ એક મોટું દૂષણ અને અભિમાનનું પ્રદર્શન છે. જો કે શાસ્ત્રોએ તો સ્પષ્ટ કહ્યું છે કે મૂર્ખ લોકોના વચનો સહન કરે એ સંત છે. પરંતુ હવે સાવ કંઈ એવું નથી કે વાંકદેખાઓને તમે મૂર્ખ કહી શકો. જેમની પોતાની સમજણ પૂરી વિકસી ન હોય તેઓ તો પોતાની ટીકાથી ભડકી ઉઠે. ભલભલા વિદ્વાનો પણ ટીકા સાંભળીને નિરુત્સાહી થતા જોવા મળે છે. ટીકાને કારણે મોટા મનોરથો પડતા મૂકનારા લોકો પણ બહુ હોય છે. એક વર્ગ એવો છે કે એ ટીકા અને ટીકાકાર બન્નેને ગણકારતો નથી. પરંતુ ટીકા એમ કંઈ જલ્દી વિલુપ્ત પણ થતી નથી.

દલપતરામે ટીકાકારની ટીકા કરી છે. એમની એ રચના પર પંચતંત્રનો એટલો પ્રભાવ છે કે કથયિતવ્ય માટે એમણે પ્રાણીઓની સુંદર પાત્રસૃષ્ટિ ઊભી કરી છે. પણ ચોતરફ મનુષ્યના લક્ષણોની જ છાલક છે. સહુને ઊંટ પર હસવાની મઝા પડે છે કારણ કે જેના પોતાના અઢારેય અંગ વાંકા છે એ ઊંટ સ્વદર્શન વીસરી જઈને અન્યોના દોષનું ઉદગાન કરવામાં આનંદ લે છે. આમાં દલપતધર્મ એ છે કે બીજાના એકાદ દોષની જગતને જાણ કરવાનો ઉત્સાહ આપણામાં પ્રગટે ત્યારે સ્વયંના અષ્ટાદષ દોષનું પ્રથમ ગાન કરવું.

દલપતરામે આ રચનામાં ભાવકને એકદોષી વાંકી ચાંચનો પોપટ ધાર્યો નથી. કે એવા કોઈ એકદોષી પાત્રમાં મનેખ ઢાળ્યા નથી. આમાં ખરેખર તો દરેકને ઊંટ હોવાનું પ્રમાણપત્ર આપવામાં કવિને રસ છે અને એ પ્રમાણિતતા સ્વકલ્યાણાર્થે સ્વીકારી લેવા જેવી છે. કારણ કે એકવાર પોતાના દોષ તરફ ધ્યાન જશે તો બીજાઓની ટીકા કરવામાં વેડફાતો સમય બચશે અને એ જ સમયને સ્વદોષ ધોવામાં કામે લગાડી શકાશે.

કવિનો હેતુ આપણને ગુલાબ જોતાં કરવાનો છે. કારણ કે કાંટા જોઈ જોઈને આંખો થાકી ગઈ છે. પરંતુ ગુલાબ દર્શન માટે પ્રથમ કાંટાને પડતા મૂકવાના છે. માણસનું મને ચાહે છે ગુલાબ પણ એનો હાથ સીધો કાંટો જ પકડે છે. બીજાના દોષના ઢોલ વગાડતી વેળાએ આપણે એમ માનતા હોઈએ છીએ કે એ દોષ મારામાં તો નથી. એટલે પરનિંદાને આપણે સ્વસ્તુતિ માનીને ચાલીએ છીએ. એટલે જ નિંદારસ એ અભિમાનીઓએ બનાવેલું એક શરાબઘર છે. જે ખુદ અભિમાની નથી એને કોઈનીય ટીકા કરવામાં રસ નથી. આ મહામોહક જિંદગીમાં કોઈના દોષ જોઈને પોતાની જ આંખમાં ધૂળ નાંખવી એના બદલે પહાડો, નદીઓ અને રંગ બદલતા આકાશને જ ન જોઈએ !

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

હવે આ જે નવો વેબ સિરિઝ યુગ શરૂ થયો છે એણે વ્યક્તિમત્તાને અધિક પ્રોત્સાહન આપ્યું છે. એટલે એ એક શુભ સંકેત પણ છે કે નવી પેઢીને બીજાઓની કોઈ પણ વાતમાં અકારણ રસ નથી. નવી પેઢીને એ ખબર પડી ગઈ છે કે અનંતવાર આ પૃથ્વી પર જન્મ લઈએ તો પણ વસુંધરાના સૌન્દર્યને પૂર્ણતઃ માણી લેવાય એમ નથી. તો શા માટે કુદરતના ખોળે રમવાનું પડતું મૂકીને વળી એ પારકી પંચાતમાં પડવું ? શિયાળના મુખમાં કવિએ પંક્તિ મૂકીને ઊંટને કહ્યું છે કે હે વક્રાધિપતિ, આપના તો અઢારેય અંગ વાંકા છે...!

એમાં આપણે એમ નથી સમજવાનું કે ઊંટના અઢાર વાંકા છે. આ વાત તો આપડી છે કંઈ ઊંટની તો નથી. એટલે અન્યનું તો એક વાંકુ ને આપણા જ અઢાર વાંકા છે એમ સમજવાનું ને મન માને તો સ્વીકારવાનું છે. એનાથી શાન્તિ જ પ્રાપ્ત થવાની છે. ઊંટમાં જે બાહ્યસ્વરૂપ છે એ જ આપણું આંતરરૂપ હોઈ શકે છે એ તરફ દલપતરામે ધ્યાન દોર્યું છે અને એવું ન હોય તો બહુ સારી વાત છે.

ગીતામાં દૈવાસૂરસંપત્તિવિભાગ યોગ છે. એમાં દેવત્વના એટલે કે મનુષ્યમાં સંભવ એવા જે સોળ ગુણનો સંપુટ છે એ જેનામાં વિદ્યમાન હોય એ જ ઊંટત્વથી મુક્ત હોઈ શકે. એટલે દલપતરામ તો એટલું જ કહે છે કે ઊંટ એ આપણા ભીતરી રૂપનું બિંબ ન બની જાય એ જોજો. સાચવજો. પૂરા નહિ તો અરધા ઊંટ હોઈએ તોય જિંદગી હાથમાંથી સરી જાય છે. નિંદા ન કરે કેની રે... નરસૈંયો કહે કે કોઈનીય નિંદા ન કરે એ વૈષ્ણવ છે. પણ અઘરું છે.

> બીજાના એકાદ દોષની જગતને જાણ કરવાનો ઉત્સાહ આપણામાં પ્રગટે ત્યારે સ્વયંના અષ્ટાદશ દોષનું પ્રથમ ગાન કરવું એમ દલપતરામ કહે છે....!

મધ, કેરી અને સાકરથીય મધુર નિંદારસ છે. લોકોને એમાં એટલી બધી મઝા પડતી હોય છે કે ઉછળી ઉછળીને બીજાનો ઉપહાસ કરે છે. ટોળકી બનાવીને બેઠા હોય તો નિંદાના વેલા હાલ્યા જાય છે. એક જણ કંઈક વાટે, ને પછી એમાં કોઈ મીઠુ તો કોઈ મરચુ એમ વઘાર આગળ ચલાવે છે. એવી એ જામી ગયેલી ટોળકી જ્યારે મસ્ત હોય છે ત્યારે ત્યાં એકાએક દલપતરામ પ્રગટ થાય છે ને કહે છે કે આપણા તો અઢાર વાંકા નથી ને ? જરા જોઈ લેજો. ■

# કર્મ કોઇને છોડતું નથી અને જૂઠ, ક્યારેય સત્ય બનતું નથી

કર્મ કોઈને છોડતું નથી અને જૂઠ, ક્યારેય સત્ય બનતું નથી. દૂધનું દૂધ અને પાણીનું પાણી આખરે થઈને જ રહે છે. નહિંતર તો 'જૂઠ' જ ઈશ્વર બની જાત અને સત્ય વામણુ અને ઠગારૂ પુરવાર થાત અને જો 'સત્ય' જ ઠગારૂં નીવડેત તો દુનિયામાં 'સાચ' રહેત જ નહી અને જો 'સાચ' જ ન રહેત તો મનુષ્ય ખોટા કર્મો કરતા કદિ ડરત જ નહીં. જે ડર છે એ માણસને મૃત્યુનો છે અને ઈશ્વરનો છે !

રવિના જે કામ કરવા માટે અહીં આવી હતી એ કામ તો એનું સફળ થયું પણ એનું મન બળવો કરી બેઠું,




એનો આત્મા હવે તેને ડંખવા લાગ્યો હતો. પોતે જે કંઈ કરી રહી છે એ નરાતાળ જૂઠ, ફરેબ અને ખોટું છે એવો અવાજ તેની ભીતરથી આવવા લાગ્યો હતો. નફરતની આગ પેટાવવા આવી હતી પણ અહીં પ્રેમના અંકુર ફૂટી ચૂક્યા હતા. રાત નવોઢા સમી રઢીયાળી ચાલે સરી રહી હતી અને ભર ઉંઘમાં સૂતેલી રવિનાની બંધ પાપણોની પછવાડે એક પ્રેમ સરોવરમાં સપનાની નમણી નૌકા તરી રહી હતી.

એ નાવમાં હતા માત્ર બે જ જણ : અર્જુન અને રવિના ! અર્જુન સાથેના પ્રથમ મિલન પછી એ દ્રશ્યો સપનામાં પુનઃ ઝિલાઈ રહ્યા હતા. બે જુવાન હૈયા, પ્રેમસરોવરની મધ્યમાં પ્રેમભરી મીઠી મસ્તીની મૌસમ માણી રહ્યા હતા. અર્જુન છેડછાડ કરતો હતો અને ભાવની ભરતી રવિનાના દેહમાં ચડતી, તરતી હતી. એ પ્રેમની ભરતી બે વેંત ચડીને એક વેંત ઉતરતી હતી પણ પછી ત્રણ વેંત ઉંચે ચડી જતી હતી. પરંતુ આ સપનુ આગળ વધે એ પહેલા અધવચ્ચેથી તૂટી ગયું કારણ કે તેના પેટમાં અચાનક દુઃખાવો શરૂ થયો. એક જોરદાર સબાકો આવ્યો અને એ કરતી ઝબકીને જાગી ગઈ. પેટમાં અચાનક શું થયું ? એક સામટો બીજો, ત્રીજો અને પછી તો સબાકા વધવા લાગ્યા અને એક ક્ષણે દુઃખાવો કાબુ બહાર જવા લાગ્યો એ પેટને દબાવીને બેઠી પણ કારી ન ફાવી. પેટમાં આવતો પ્રત્યેક સબાકો 'ઓ મા..રે' કરતા માને યાદ કરાવી દેતો હતો. એ માંડ માંડ ઊભી થઈ અને પલંગ નીચે ઉતરીને ડગલું ભરવા જાય ત્યાં જ અંધારામાં પગ નીચે રહેલી દૂધની તપેલી સાથે અથડાયો અને તપેલી ખણખણાટ કરતી ઉડી અને રાજેશ્વરીબા અને અનિતા ભર ઉંઘમાંથી ઝબકીને જાગી ગયા. અનિતાએ ગભરાઈને લેમ્પની સ્વિચ પાડી તો રવિના પેટ પકડીને રડમસ ચહેરે ઊભી હતી. રાજેશ્વરીબાએ પલંગ નીચે મૂકલા ચશ્માને આંખે ચડાવ્યા તો નજર સામે રવિના પેટ પકડીને ઊભી હતી. રાજેશ્વરીબાએ સામે દિવાલ ઘડિયાળમાં જોયું તો ચારનો સમય બતાવી રહી હતી. તેણે લાગલું જ પૂછયું : "રવિના, શું થયું ? અવાજ શેનો આવ્યો ? અને તું કેમ ઊભી છો પેટ પકડીને ?"

"મને પેટમાં દુઃખાવો થાય છે બા. કયાંય રહેવાતું નથી. ખૂબ જ પીડા થાય છે ?"

"પેટમાં ?" રાજેશ્વરીબાના મનમાં ધ્રાસ્કો પડયો : "હજી સુતા પહેલા જ તો એક ખરાબ વિચાર આવેલો તે એવું તો નહી થયું હોય ને ?" ગભરાટમાં ને ગભરાટમાં તેમની ચિંતા વધી ગઈ પરિણામે તેઓ થોડા અસ્વસ્થ થઈ ગયા.

"રવિના...." તેણે રવિનાને પૂછયુ : "તને શું શું થાય છે ?"

"મને પેટમાં ગોટો ચડયો હોય એવું લાગે છે સવારે પૂરણપોળી ખાધી હતી અને રાત્રે બટેટાની સુક્કીભાજી, કદાચ એટલે..."

"એવું નથી બેટા. કારણ બીજું જ છે..." એટલું બોલી તેણે અનિતાને કહ્યું : "એક કામ કરને, ભાઈને જગાડવો નથી પણ તું જીમ્મીને ફોન કર. રિક્ષા લઈને આવે. રવિનાને આપણે દવાખાને જ લઈ જઈએ."

"એવા ડોશીવૈદ્યા કાંઈ નથી કરવા સમજી ?" રાજેશ્વરીબા વરસી પડયા : "તને કાંઈ ખબર પડે છે અંદર ખરેખર શું થયું છે એ ?" અને તેમણે અનિતાને ફરીવાર કહ્યુ : " અનુ, બેટા, તું જલ્દી ફોન કર. એને કહેજે કે અત્યારે જેટલુ ભાડુ લેવું હોય એટલું લે, પણ રિક્ષાવાળાને લઈને જલ્દી આવે આપણે, ભૂવન સાહેબને ત્યાં જવું છે એમ ફોડ પાડજે પાછી..." ડો. ભૂવનનું નામ સાંભળ્યુ એટલે રિવનાના તો મોતિયા જ મરી ગયા. શું કરવું ? શું થશે હવે ?"

"હે ભગવાન ! મારી લાજ રાખજે..." એ મનોમન કૃષ્ણ ભગવાનના ફોટા સામે જોઈને આજીજી કરી રહી.

----

ડો. ભૂવને તેને સીધી કન્સલ્ટીંગ રૂમમાં જ લઈ લીધી. તપાસ કરી અને સૂવડાવી. પેટમાં દુઃખાવાનું એક ઈન્જેકશન આપ્યું. લેબોરેટરી દવાખાનામાં જ હતી અને લેબોરેટરીવાળો ત્યાં જ સૂઈ રહેતો હતો એટલે રિપોર્ટ કરાવવામાં અડચણ ન આવી. લોહી પેશાબના રિપોર્ટ તૈયાર થવા લાગ્યા.

અનિતા અને જીમ્મી બહાર બેઠા હતા અને રવિનાને એક રૂમમાં શિફ્ટ કરી દીધી હતી. એક સાદો બાટલો ચડાવવાની નર્સીંગ સ્ટાફને સૂચના આપી હતી પણ રાજેશ્વરીબાને કયાંય સુખ નહોતું. એ એકલાં જ ધીમા પગલે ડો. ભૂવનની ચેમ્બરમાં પ્રવેશ્યા. ડો. ભૂવને આવકાર આપ્યો, એટલે રાજેશ્વરીબા સામે બેસી ગયા.

લઘુ-નવલકથા

યોગેશ પંડયા

"ફરમાવો માજી..." ડો. ભૂવને સસ્મિત પૂછયું.

"ડોકટર, બચ્ચાને તો કંઈ તકલીફ નહીં પડે ને ?" અટકી તેઓ આગળ વધ્યા : " મને તેની ચિંતા છે..."

"માજી, અત્યારે તો મને એવું કશું જ લાગતું નથી. તેમ છતા રિપોર્ટ આવે પછી હું સોનોગ્રાફી પણ કરી લઉ છું. આ દુઃખાવો કદાચ આંતરડા ઉપરના સોજાનો કે ગેસવાયુનો પણ હોઈ શકે, બાકી, તમે કહો છો એ મુજબના કોઈ ઈસ્યુ નથી. તેમ છતા તમને શાંતિ થાય એટલે હું સોનોગ્રાફી કરીને જોઈ લઈશ હમણાં કલાકમાં તો બાટલો પૂરો ય થઈ જશે બાકી, કોઈ ચિંતા ન કરશો પણ હા, અર્જુનભાઈને કેમ છે હવે ?"

"એજ તો કઠણાઈ છે સાહેબ, ખબર નથી પડતી કે બધુ શું થઈ રહ્યું છે."

"હા, એ બધી વાત મને દત્તાજીએ કરી, પણ ઈન્સ્પેકટર બાહોશ માણસ છે. બધો તાગ મેળવીને જ જંપશે. તમે ચિંતા ન કરશો પણ હા, અર્જુનભાઈનો પગ કયાંક કુંડાળામાં આવી ગયો હોય એવું લાગે છે. પણ ડોન્ટ વરી. એ તાગ આવી જશે કે હકિકતમાં છે શું ? પણ ચિંતા ન કરો..." ડોકટરે બગાસું ખાતા કહ્યું : "તમારી તબિયતનું ધ્યાન રાખો. આ બધો મામલો તો પોલીસનો છે.." થોડીવાર અટકીને વાતને મૂળ પાટે ચડાવતા કહે : "હવે તમે આરામ કરો. આ બાજુ વેઈટીંગ રૂમ છે ત્યાં બે પલંગ છે. ઉપર ગાદલા પણ છે બાટલો પુરો થાય અને રજા આપીએ એટલે તમને કહેશું. ત્યાં સુધી તમે આરામ કરો."

"હા, ડોકટર.... ઉંઘ તો નહીં આવે પણ..." કરતા કરતા તેઓ વેઈટીંગ રૂમમાં આવ્યા. તો, જીમ્મી અને અનિતા ત્યાં જ બેઠા હતા. રાજેશ્વરીબાએ એ બન્નેને રવિનાનું ધ્યાન રાખવાનું કહીને લંબાવ્યું.

એક તો ઉંમર અને વળી થાક ! એમાં પાછી કાચી ઉંઘમાંથી જાગવું પડયું એટલે આંખ મળતા વાર ન લાગી. તેઓ પાંચ જ મિનિટમાં સૂઈ ગયા. તેઓ સવા દોઢ કલાક જેવું સુતા હશે ને અનિતાએ તેમને જગાડયા : "બા, ડોકટર સાહેબ બોલાવે છે."

"હેં ? શું થયું ? રવિનાને..."

"રવિના ઓ.કે. જ છે પણ ડોકટર સોનોગ્રાફી કરવા રવિનાને લઈ ગયા છે ત્યાં તમને બોલાવે છે. મેં ડોકટરને કહ્યું પણ ડોકટરે મને ના પાડી. કહ્યું કે બાને જ બોલાવો. બાનું જરૂરનું કામ છે !"

રાજેશ્વરીબાને એક નર્સ સોનોગ્રાફી રૂમમાં લઈ ગઈ. રાજેશ્વરીબા ધડકતા હૈયે અંદર પ્રવેશ્યા, તો સોનોગ્રાફી થઈ રહી હતી. ડો. ભૂવને, લાગલું જ રાજેશ્વરીબાને પૂછયું : "બા, તમને કયા ડોકટરે કહ્યું હતું કે રવિના પ્રેગનન્ટ છે!"

"માથુર સાહેબ, ડો.માથુર સાહેબ...." રાજેશ્વરીબા બોલે એ પહેલા રવિના બોલવા માંડી.

"ખોટો રિપોર્ટ છે..." ડો. ભૂવને સોનોગ્રાફી સ્ક્રિન ઉપર એલ્યુમિનિયમ સ્ટિક વડે સ્પોટ દેખાડતા કહ્યું : " જેણે આનો રિપોર્ટ કર્યો છે એ રિપોર્ટ બિલકુલ ખોટો છે. નથીંગ. તું પ્રેગનેન્ટ છો જ નહીં. આવું તને કોણે કહ્યું ?"

"લેબોરેટરીનો રિપોર્ટ..." રવિના આટલું તો માંડ બોલી શકી અને રાજેશ્વરીબા તો સાવ હતપ્રભ થઈ ગયા.

"નર્સ, મને રિપોર્ટ બતાવો. જાવ, બહાર પેલી બહેન બેઠી છે એમની પાસે રિપોર્ટ હશે."

"ના ડોકટર એ રિપોર્ટ નથી લાવ્યા." વાતને કાપતા રવિના બોલી પણ એ પહેલા નર્સ જઈને પેલા રિપોર્ટ લેતી આવી : ડોકટરે ડારતી આંખે રવિના સામે જોયું અને પછી બોલ્યા : જો, રિપોર્ટ તારા જ છે ને ?" જવાબમાં રવિના મૂંગી બની ગઈ. રિપોર્ટ જોઈને ડોકટરે ધૃણાથી માથુ હલાવ્યું : "આવાને આવા જુઠ્ઠા રિપોર્ટ કાઢવાના ? ખરા છે લેબોરેટરી વાળાય પણ..." એ પછી અહીનાં રિપોર્ટ રાજેશ્વરીબાને બતાવતા બોલ્યા : "મારા અહીંના રિપોર્ટ પણ આવી ગયા છે. આ છોકરીને કશું જ નથી. માત્ર ગેસનો દુઃખાવો છે અને પ્રેગનેન્ટ હોવાનું વજુદ તો સાવ જુઠ્ઠુ છે...!!"

અને રાજેશ્વરીબાને હદ ઉપરનો ગુસ્સો ચડી ગયો તેમણે આવેશમાં આવીને ધડાધડ ચાર થપાટ રવિનાના ગાલે ઝીંકી દીધી : "જુઠ્ઠી, લુચ્ચી, નીચ..." (ક્રમશઃ) ■

# સમાજની વચ્ચે રહેવું હોય તો ઘણું ઘણું સહન કરવું પડશે




આવી સ્થિતિ તો ફક્ત બે જ મિનિટ ટકી, ત્યાં તો જ્યોતિએ દામલનું માથું તેના બંન્ને હાથે ઊંચુ કરી કહ્યું : "આવી મજા કરવી વધારે સારી નહીં, ઘણું થયું, ઘણું સારૂં થયું... પણ જો ને હવે તો બાથરૂમ પણ તારી રહ જુઓ છે, જા..., નાહીને હજી તો તારે તૈયાર થવાનું બાકી છે. આમ કંઈ..."

એક પણ શબ્દ બોલ્યા વગર દામલ ચૂપચાપ બાથરૂમમાં ચાલ્યા ગયો. સારી રીતે તે નહાવા લાગ્યો. રોજ કરતા આજે તેને નહાવામાં વધુ વાર લાગી. જેવો એ બાથરૂમમાંથી બહાર નીકળ્યો એ સાથે તો તે છક્ક થઈ ગયો. જ્યોતિ તો સોળે શણગાર સજીને તૈયાર થઈને ઊભી હતી. દામલ તો આ હસીન છોકરીને બસ જોતો જ રહ્યો. અને તેની જોવાની આ દ્રષ્ટીથી આફરિન થઈ જઈ જ્યોતિ બોલી : "શું.. તું મને પહેલી જ વાર જુએ છે ? આમ બાઘાની જેમ આંખો ફાડીને તું શું જોઈ રહ્યો છે ? હું જ્યોતિ છું જ્યોતિ...! રાત આખી તો આ જ્યોતિની જ્યોત તે પ્રકટાવ્યા કરી છે. હવે શું છે ? છાનોમાનો ઝડપથી તૈયાર થવા માંડ.... "

જ્યોતિની આવી લોભામણી ભાષા, આવા શબ્દો સાંભળી દામલ ભોંઠો પડી... નજર નીચી નમાવી...ચાલ્યો. થોડીવારમાં તો તે તૈયાર પણ થઈ ગયો. હજી તો સવારના છ થયા હતા. પક્ષીઓનો કલબલાટ પણ હવે સંભળાવા લાગ્યો હતો. પરંતુ હોલમાં તો હજી સાવ શાંતિ હોય તેમ લાગતું હતું. એટલે કે છોકરાઓ હજી ઊઠયા નહીં હોય તેવું લાગતું હતું.

દાંતીયાથી માથુ ઓળતાં ઓળતાં દામલ એમ જ બોલ્યો : "છ જ થયા છે. આપણે તો તૈયાર થઈ ગયા. હવે બાળકોને જગાડી તૈયાર તો કરવા પડશે ને ? બધા હજી નહાશે ને... તૈયાર થશે પછી માંડ આપણે નવ વાગે સક્કરબાગ જવા રવાના થઈશું, બરાબર ને ?"

"તો પછી હવે રાહ શેની છે ? ચાલ, આપણે તો રૂમમાંથી બહાર નીકળીએ..." જ્યોતિ બોલી અને રૂમના બારણા તરફ ચાલવા લાગી.


ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

સમય સમયનું કામ કરે છે. એટલે તો સમગ્ર માનવ જાત સમયની ગુલામ છે. હવે સમયની સાથે સૌને ચાલવું રહ્યું. ધીમે ધીમે કરતા સમય પસાર થતો રહ્યો. બધાં છોકરાઓ હવે ધીમે ધીમે ઊઠી રહ્યાં હતાં, અને સવારની પ્રાતઃક્રિયામાં કામે લાગી ગયા.

જ્યોતિ અને દામલ તો તૈયાર થઈ ગયા હતા. ત્યારે દામલે હોલમાં આવી બધાં બાળકોને કહ્યું : "આજે આપણે સક્કરબાગ જવાનું છે. સક્કરબાગ મોટું પ્રાણી સંગ્રહાલય છે. ત્યાં આગળ જ આપણે મજા કરવાની છે. તમે બધાં તૈયાર થઈ જાવ પછી નવ વાગે એટલે આપણે નીકળશું. ચાલો હવે બધાં ઝડપથી તૈયાર થવા માંડો..."

પછી જ્યોતિ સામે જોઈ દામલે કહ્યું : "ચાલ, આપણે દરવાજાની બહાર આંટો તો મારીએ..."

જ્યોતિ અને દામલ ધીમે ધીમે દરવાજાની બહાર નીકળ્યા. બહારની તાજી હવા આહલાદક હતી. ચોમેર વનરાજી તો હતી જ એટલે વાતાવરણ ખુશનુમા હતું. કાચી સડક પર ચાલતા ચાલતાં દામલે જ્યોતિ સામે જોઈ કહ્યું : "હું અને તું... સાચે જ વિધિવત રીતે આખી જિંદગી સાથે જ રહી ન શકીએ...?"

"ના...., ન રહી શકીએ..." જ્યોતિએ તરત જવાબ આપ્યો.

"કેમ...? હવે વળી તારે શું તકલીફ ?"

"બસ...., હજી તો આપણે એકવાર જ ભેગાં થયા, ત્યાં તો તું ઉતાવળે આવી વાત કરવા માંડયો...?"

"એવી વાત નથી જ્યોતિ, હું તો આપણા ભવિષ્યની વાત..."

ભવિષ્ય, ભવિષ્ય, ભવિષ્ય...! કાલ શું થશે તેનું કદી વિચાર્યું છે તે...?"

"તો શું કરૂં હું ? હું તારા વગર હવે તો રહી જ નહી શકુ..."

"રહેવું પડે.... એકલું પણ રહેવું પડે સમજ્યો. આ સમાજમાં, સમાજની વચ્ચે રહેવું હોય તો ઘણું ઘણું સહન કરવું પડશે. જોતો નથી..., હું કેટલે દૂરથી અહીં આવી છું... ને તે પણ સાવ એકલી જ, છતાં રહું છું ને ? એ પણ એક જુવાન છોકરી થઈને...! મારે અહીં આવવાની કંઈક તો મજબુરી હશે જ ને ?"

"તારી મજબૂરી ને તારૂં કારણ જે હોય તે, પરંતુ હું એક વાત સત્ય જ કહુ છું... હું તારા વગર જીવી નહીં શકુ..."

"ભણેલ - ગણેલ યુવાનથી આવું ન બોલાય, આને અપરિપકવ જિદ કહેવાય. મારી સામે જો, તેં કયારેય સપનામાં ધાર્યુ હતું કે આ જ્યોતિ તારી બાજુમાં આમ આખી રાત પડી રહે. ને પછી પુરૂષ - સ્ત્રી વચ્ચેની મર્યાદા પણ ઓળંગી શકે. છતાં એવી એ મરજાદની પેલે પાર થઈ મેં તારો ભાર હસતા મોઢે સહી લીધો. તને સાથ આપ્યો, તને સહકાર આપ્યો. સામે ચાલીને મેં તને દીર્ઘ ચુંબન કર્યુ. શું તું આ બધું જ ભૂલી જવાનો છે ? હું એક સ્ત્રી છું મારામાં પણ બધા જ ભાવ અભાવ પ્રકટતા જ હોય છે. પરંતુ, તારા પ્રત્યે મને સ્નેહ પેદા થયો... કેમ ? એવું પણ કોઈ કારણ તો હશે જ ને ? " જ્યોતિ ઘણું બોલી. ત્યાં તો દામલે પણ જવાબ આપતાં કહ્યું : "કારણ બીજું શું હોય ? અને સાચું કારણ તો એક તને જ ખબર હોય જે હોય તે, એ વાત જવા દે પરંતુ મને તો તું પહેલી નજરે જ ખુબ ગમી. એમ થયું કે મારૂં જીવન જ તું છે. આ જ રીતે તને પણ હું ગમ્યો હોઈશ કે નહીં તેની મને ખબર નથી. પરંતુ એ તો સત્ય છે કે, આપણે બન્ને યુવાન!"

"ના...., ના..., તું ધારે છે તેવું ન પણ હોય શકે... માત્ર તારો સુંદર અને ઘાટીલો એવો રમતિયાળ ચહેરો, તારૂં ખડતલ અને મજબૂત શરીર કે પછી તારા વાંકડિયા વાળ જ મને તારા તરફ ખેંચી નથી લાવ્યા, સમજ્યો પરંતુ આ સિવાય પણ મેં તારામાં કંઈક તો એવું જોયું જ હશે કે જેનાથી હું તારા તરફ આકર્ષાઈ હોઉં, નહીંતર કંઈ આમ રાતભર તારી સાથે... (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# સુપ્રીમ કોર્ટનો ચુકાદો : ક્રિશ્ચિયન શાળાઓમાં નન્સ અને પાદરીઓને ચુકવાતા પગાર કરપાત્ર

નવીદિલ્હી,તા.૦૯



સુપ્રીમ કોર્ટે એક મહત્વના ચુકાદામાં જણાવ્યું હતું કે, ખ્રિસ્તી સમુદાયના નન્સ તથા પાદરીઓ કે જેઓ શાળામાં અભ્યાસ કરાવતા હોય તો તેઓનો પગાર આવકવેરાને પાત્ર છે અને શૈક્ષણિક સંસ્થાઓએ તેમના પગારની ચૂકવણી સમયે આવકવેરો કપાત કરવાનો રહેશે. સરકાર દ્વારા ગ્રાન્ટેડ ક્રિશ્ચિયન મિશનરી સ્કૂલના શિક્ષકો પણ આવકવેરા પાત્ર વ્યકિતઓની યાદીમાં આવે છે અને તેમાં નન્સ અને પાદરીઓનો પણ સમાવેશ થાય છે. તામિલનાડુ અને કેરાળામાં કામ કરતી ગ્રાન્ટેડ ક્રિશ્ચિયન મિશનરી શાળાઓના ૧૦૦ જેટલા ટ્રસ્ટો મારફત જે સંસ્થાઓ ચલાવવામાં આવે છે તેમાં નન્સ અને પાદરીઓ શિક્ષક તરીકે કામ કરતાં હોય છે અને તેઓ ગરીબ વિદ્યાર્થીઓ માટે કામ કરતા હોય તો પણ તેમને જે પગાર ચુકવાય છે તે કરપાત્ર છે.

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત થયેલા મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડની ખંડપીઠે ગઈકાલે આ આખરી ચુકાદો આપ્યો હતો. આ સંસ્થાઓ વતી દલીલ થઈ હતી તે નન્સ અને પાદરીઓને પગાર ચુકવવામાં આવે છે તે તેઓ વ્યકિતગત રીતે લેતા નથી પરંતુ તે રકમ જે-તે ટ્રસ્ટને મળે છે જે આ સમૂદાયના છત્ર હેઠળ રહેતા હોય છે અને તેમને અકસ્માત સમયે પણ કોઈ રકમ ચુકવાય છે તો તે વળતર પણ ટ્રસ્ટમાં જમા થાય છે.

નન્સ કે પાદરીઓના પગારની એક રકમ શાળાઓના સંચાલનમાં વાપરવામાં આવે છે. જો કે સુપ્રીમ કોર્ટે કહ્યું હતુ કે સંચાલકો જ્યારે પગાર તરીકે રકમ ચુકવતા હોય ત્યારે તે કરપાત્ર બને છે.

# રાજયોમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે વાવાઝોડું અને વીજળી પડવાની આગાહી કરતું હવામાન વિભાગ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૯



આ સપ્તાહના અંતે, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આકાશ સ્વચ્છ રહેશે, હળવા પવન ફૂંકાશે અને હળવા ધુમ્મસની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી પર ચક્રવાતી પરિભ્રમણમાંથી એક ચાટ પૂર્વ-મધ્ય બંગાળની ખાડી સુધી રચાયો છે અને મધ્ય-ટ્રોપોસ્ફેરિક સ્તરો સુધી વિસ્તર્યો છે. જેના કારણે દેશના અનેક વિસ્તારોમાં વરસાદની સંભાવના છે. આઈએમડી અનુસાર, ૧૦ થી ૧૨ નવેમ્બર દરમિયાન તમિલનાડુ, પુડુચેરી અને કેરળમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ સાથે છૂટાછવાયા સ્થળોએ વાવાઝોડું અને વીજળી પડવાની સંભાવના છે. ૧૨ નવેમ્બરે તમિલનાડુ અને પુડુચેરીમાં અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. તામિલનાડુમાં ૧૦-૧૪ નવેમ્બર દરમિયાન, કેરળમાં ૧૩ અને ૧૪ નવેમ્બર અને તટીય આંધ્રપ્રદેશમાં ૧૧-૧૩ નવેમ્બર દરમિયાન છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની અપેક્ષા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં મુખ્યત્વે આકાશ સ્વચ્છ રહેશે. પ્રબળ સપાટી પરનો પવન સવારે ૪ કિમી પ્રતિ કલાકથી ઓછી ઝડપે ચલ દિશાઓથી ફૂંકાય તેવી શક્યતા છે. સવારે ધુમ્મસ અથવા છીછરું ધુમ્મસ રહેશે, ત્યારપછી બપોર દરમિયાન પવનની ગતિ ૮ કિમી પ્રતિ કલાકથી ઓછી થઈ જશે. સાંજ અને રાત્રિ દરમિયાન દિશા બદલાવાને કારણે તેની ઝડપ કલાકના ૪ કિમીથી ઓછી થઈ જશે.

# દૂન યુનિ.માં હવે વિદ્યાર્થીઓ આગામી સત્રથી હિંદુ ધર્મનો અભ્યાસ કરશે

દેહરાદૂન,તા.૯

બીએચયુ અને ડીયુ બાદ હવે વિદ્યાર્થીઓ દૂન યુનિવર્સિટીમાં પણ હિન્દુ ધર્મનો અભ્યાસ કરશે. દૂન યુનિવર્સિટી ઉત્તરાખંડની પ્રથમ યુનિવર્સિટી હશે, જ્યાં એક અલગ વિભાગ બનાવવામાં આવશે અને વર્ષ ૨૦૨૬થી હિંદુ સ્ટડીઝમાં એમએ અભ્યાસક્રમ ચલાવવામાં આવશે. કોર્સમાં વિદ્યાર્થીઓને હિન્દુ ધર્મની સાથે પ્રાચીન જ્ઞાન, ધાર્મિક વિજ્ઞાન, હિન્દુ ધાર્મિક ગ્રંથો અને પરંપરાઓમાં નિપુણ બનાવવામાં આવશે. નોંધનીય છે કે કાશી હિંદુ યુનિવર્સિટીએ સૌપ્રથમ વર્ષ ૨૦૨૧માં હિંદુ સ્ટડીઝ, એમએ (હિન્દુ સ્ટડીઝ)નો બે વર્ષનો અભ્યાસક્રમ શરૂ કર્યો હતો. તે જ સમયે, વર્ષ ૨૦૨૩ થી, ડીયુએ હિંદુ અભ્યાસમાં અનુસ્નાતક અને પીએચડી કાર્યક્રમો શરૂ કર્યા. નવી શિક્ષણ નીતિમાં કરાયેલી જોગવાઈ બાદ દૂન યુનિવર્સિટી પણ હિંદુ અભ્યાસનો કોર્સ શરૂ કરવા જઈ રહી છે.

# ઝારખંડની ચૂંટણી પહેલા ઈડીએ મુખ્યમંત્રી હેમંત સોરેનના અંગત સલાહકારના ઘરે દરોડા પાડયા

(એ.આર.એલ),રાંચી,તા.૯



આવકવેરા વિભાગે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનના અંગત સલાહકાર સુનીલ શ્રીવાસ્તવ અને તેમની સાથે જોડાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરી છે. માહિતી અનુસાર, આવકવેરા વિભાગે સુનીલ શ્રીવાસ્તવ, તેના પરિવારના સભ્યો અને તેની સાથે જોડાયેલા કુલ ૧૬-૧૭ સ્થળો પર દરોડા પાડ્યા છે. રાંચીમાં સાત અને જમશેદપુરમાં ૯ જગ્યાઓ પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. આમાં જમશેદપુરના અંજનીયા ઈસ્પાત સહિત અન્ય સ્થળોનો પણ સમાવેશ થાય છે. આ અંગે વધુ માહિતી હજુ બહાર આવવાની બાકી છે.

આવકવેરા વિભાગે આ દરોડા ટેક્સની ગેરરીતિઓને લઈને હાથ ધર્યા છે. સુનિલ શ્રીવાસ્તવે ટેક્સમાં કેટલીક અનિયમિતતાઓ કરી હોવાની માહિતી આઈટીને મળી હતી. જે બાદ વિભાગે આ કાર્યવાહી કરી છે. આ પહેલા ૨૬ ઓક્ટોબરે આવકવેરા વિભાગે વિધાનસભા ચૂંટણી દરમિયાન હવાલા દ્વારા નાણાંની લેવડ-દેવડની માહિતીના આધારે રાંચી, જમશેદપુર, ગિરિડીહ અને કોલકાતામાં દરોડા પાડ્યા હતા. આ સમયગાળા દરમિયાન, આવકવેરા વિભાગે હવાલા વેપારીઓના સ્થળોએથી રૂ. ૧૫૦ કરોડની બેનામી સંપત્તિ અને રોકાણ સંબંધિત દસ્તાવેજો જપ્ત કર્યા હતા.

# મહારાષ્ટ્ર ચૂંટણીમાં એનડીએના સમર્થનમાં કામ કરતા લાખો આરએસએસ સ્વયંસેવકો

(એ.આર.એલ),મુંબઈ,તા.૯

મહારાષ્ટ્રમાં જેમ જેમ મતદાનની તારીખ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય ગરમાવો વધી ગયો છે. પ્રચારની ભાષા ધારદાર બની રહી છે. આક્ષેપ-પ્રતિઆક્ષેપો વચ્ચે કેટલીક જગ્યાએ મામલો હિન્દુ-મુસ્લિમનો હોય તેવું લાગી રહ્યું છે. દરમિયાન, મહારાષ્ટ્રમાં ભાજપ અને મહાયુતિની તરફેણમાં હિન્દુ મતોને એક કરવા માટે માઈક્રો લેવલ પર કામ કરવામાં આવી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે પોતાની વિચારધારાને સમર્થન આપતા રાજકીય પક્ષને સમર્થન આપવા માટે તમામ તાકાત લગાવી દીધી છે. મહારાષ્ટ્રના રાજકારણ સાથે સંકળાયેલા નિષ્ણાતોનું માનવું છે કે આરએસએસની સ્થાપના મહારાષ્ટ્રમાં થઈ હતી, તેથી જ્યારે તેના જ ગઢમાં વિધાનસભાની ચૂંટણી થઈ રહી છે ત્યારે સંઘ પાસેથી આવી મદદની અપેક્ષા રાખી શકાય છે.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની રેકોર્ડ આવક, ખેડૂતોને મળ્યા ઊંચા ભાવ

ગોંડલ,તા.૯


તસવીર : ભોજાણી દેવાંગ

સૌરાષ્ટ્રના અગ્રણી અને ખેડૂતોના તીર્થધામ સમાન ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આજે ડુંગળીની મબલખ આવક નોંધાઈ હતી. યાર્ડમાં ૫૦ થી ૬૫ હજાર કટ્ટાની આવક સાથે, હરાજીમાં ૨૦ કિલોના રૂ. ૪૦૦ થી રૂ. ૧૦૦૦ સુધીના ઊંચા ભાવ બોલાયા હતા. ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાના જણાવ્યા અનુસાર, રાજસ્થાન, કર્ણાટક, ઓરિસ્સા અને મહારાષ્ટ્ર સહિત દેશભરની મોટી કંપનીઓના વેપારીઓ અહીં ડુંગળીની ખરીદી માટે આવી પહોંચ્યા હતા. આવકના પ્રમાણને જોતાં યાર્ડના સત્તાધીશો દ્વારા આગામી જાહેરાત સુધી ડુંગળીની આવક બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડની વિશેષતા દર્શાવતા તેમણે ઉમેર્યું કે રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ, ભાવનગર અને જૂનાગઢ જેવા જિલ્લાઓના ખેડૂતો પોતાની ઉપજ વેચવા માટે આ યાર્ડને પ્રથમ પસંદગી આપે છે. અન્ય યાર્ડની સરખામણીમાં અહીં મળતા ઊંચા ભાવ આ પસંદગીનું મુખ્ય કારણ છે. આમ, ખેડૂતોની મહેનતને યોગ્ય વળતર મળતા તેઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# નાણાની હેરાફેરીની આશંકાએ અમદાવાદમાં ગાંધીનગર સીઆઈડી ક્રાઈમે પાડ્યો દરોડો

**પોલીસે ક્રેડીટ-ડેબીટ કાર્ડ, ચેકબુક સહિત ૪૭ મોબાઈલ જપ્ત કર્યા**

અમદાવાદ,તા.૦૯

શહેરના રિલીફ રોડ પર આવેલી દુકાનોમાં ગાંધીનગર સીઆઈડી ક્રાઈમે દરોડો પાડ્યો હતો. જેમાં ગેરકાયદેસર નાણાંની હેરાફેરીના રેકેટનો પર્દાફાશ કરાયો હતો, જે અંગે મળતી માહિતી મુજબ, ગાંધીનગર સીઆઈડી ક્રાઈમને બાતમી મળી હતી કે, રિલીફ રોડ પર આવેલ રિલીફ આર્કેડની દુકાનમાં વિવિધ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરીને ગેરકાયદેસર રીતે નાણાંની હેરાફેરી કરવામાં આવી રહી છે. આ રેડ દરમ્યાન અલગ અલગ વ્યક્તિઓની દુકાનમાં અલગ અલગ જગ્યાએથી અલગ અલગ બેન્કોના ક્રેડીટ/ડેબિટ કાર્ડ્સ કુલ -૨૩૬, અલગ અલગ બેન્કની ચેકબુક-૭, અલગ અલગ બેન્કોના પીઓએસ મશીન કુલ -૧૦ તેમજ ૧- લેપટોપ, ૧-ટેબલેટ, ૨ કયુઆર કોડ, ૨ સ્વાઈપ મશીન સહિત મોબાઈલ -૪૭ વગેરે કિંમત રૂ ૧૭,૬૦,૦૦૦/- નો મુદ્દામાલ તપાસના કામે કબજે કરવામાં આવ્યો છે. ત્યાર બાદ ક્રાઈમ બ્રાંચ કામગીરી કરશે.

આ અંગે અમદાવાદ ઝોન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ સિવાય કબજે કરાયેલા ક્રેડિટ અને ડેબિટ કાર્ડ તથા પીઓએસ મશીનની માહિતી સંબંધિત બેન્કોમાંથી મેળવીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમજ સંબંધિત ૩ લોકો વિરુદ્ધ જાણવાજોગ ફરિયાદ નોંધવામાં આવી છે.

# કોડીનારમાં જલારામ જન્મ જયંતીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી

ઉના, તા.૦૯


તસવીર : કૈલાશ ભટ્ટ

કોડીનાર અને તાલુકાના ઘાંટવડમાં સંત જલારામ બાપાની ૨૨૫ મી જન્મ જયંતીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જન્મ જયંતી પ્રસંગે ભોજન પ્રસાદ, રાસોત્સવ, જન્મોત્સવ, પ્રભાતફેરી, શોભાયાત્રા, અન્નકૂટ દર્શન, સાધુભોજન, સન્માન સમારોહ, મહાઆરતી, પૂજન, જલારામ ગુણાનુવાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમમાં તમામ સમાજના અગ્રણી સહિત જલારામ ભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મહુવામાં ભગતજી મહારાજ સ્મૃતિ નિમિત્તે સમસ્ત દરજી સમાજ રાષ્ટ્રીય સંમેલન યોજાશે


અમરેલી, તા.૦૯



૧૪/૧૧/૨૦૨૪ કારતક સુદ તેરસના રોજ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની અંતઃધ્યાન તિથિ સ્મૃતિ નિમિત્તે મહુવાના ભગતજી મહારાજ સ્મૃતિ મંદિર સ્થળ પર વિશિષ્ટ આયોજન સાથે અક્ષરબ્રહ્મ મહાયાગ (યજ્ઞ હવન), દરજી સમાજ રાષ્ટ્રીય સંમેલન, કાઠીયાવાડની સાંસ્કૃતિક ઝલક તથા સમગ્ર વિશ્વ માટે પ્રેરણાદાયક પ્રવચન, આશીર્વાદ સંતો મહંતોની હાજરીમાં ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવશે. સાથે સાથે સમગ્ર કાર્યક્રમના મધ્યસ્થ સમયમાં મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવે છે. મહુવામાં માલણ નદીના કિનારે ભગતજી મહારાજ સ્મૃતિ મંદિર ખાતે આ સંમેલન યોજાશે.

# બિહારમાં છઠ્ઠ પૂજા દરમિયાન ૪૫ લોકોના ડુબી જવાથી મોત

પટના,તા.૦૯



બિહારમાં છઠ્ઠના તહેવાર દરમિયાન ડૂબી જવાથી ૪૫ લોકોના મોત થયા છે. કોસી-સીમાંચલ અને પૂર્વ બિહારના અલગ-અલગ જિલ્લાઓમાં છઠ્ઠના તહેવાર પર ડૂબી જવાથી ૨૨ લોકોએ જીવ ગુમાવ્યા. ખાગરિયામાં સૌથી વધુ ૪ લોકો ડૂબી ગયા. આ સિવાય મુંગેર અને સહરસામાં ૩-૩ લોકો, મધેપુરા, કિશનગંજ, લખીસરાય અને અરરિયામાં ૨-૨ અને છપરામાં ડૂબી જવાથી ૨ લોકોના મોત થયા છે. કટિહાર અને પૂર્ણિયામાં ૧-૧ નું અવસાન થયું છે. તે જ સમયે ભાગલપુર જિલ્લામાં ડૂબી જવાથી બે લોકોના મોત થયા છે. SDRFની ટીમ ગુમ થયેલા લોકોને શોધી રહી છે. ખાખરિયામાં અલગ-અલગ જગ્યાએ છઠ્ઠ ઘાટની તૈયારી કરતી વખતે અને નદીમાં સ્નાન કરતી વખતે બે કિશોરીઓ સહિત પાંચ લોકો ડૂબી ગયા હતા. જેમાંથી ચારના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. SDRFની ટીમ ગુમ થયેલા કિશોરને શોધી રહી છે.

# પાકિસ્તાનના મુલતાનમાં પ્રદૂષણના સ્તરમાં વધારો : એક્યુઆઈ ૨૦૦૦ને પાર પહોંચ્યો

મુલતાન,તા.૦૯

પાકિસ્તાનમાં પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. પંજાબ રાજ્યના વિસ્તારોમાં ધુમ્મસના કારણે સ્થિતિ વણસી રહી છે. મુલતાન શહેરનો હવા ગુણવત્તા સૂચકાંક બે હજારને વટાવી ગયો. જેના કારણે પંજાબ રાજ્ય સરકાર હાઈ એલર્ટ પર છે. તેમજ રાજ્યના અનેક શહેરોમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. રાજ્યમાં પાર્ક અને મ્યુઝિયમ ૧૭ નવેમ્બર સુધી બંધ કરી દેવામાં આવ્યા છે. આ સાથે બજારોને વહેલા બંધ કરવા માટે કહેવામાં આવ્યું છે અને લોકોને ફેસ માસ્ક પહેરવાનું કહેવામાં આવ્યું છે. પાકિસ્તાની મીડિયા અનુસાર, પંજાબ રાજ્યના સૌથી મોટા શહેર મુલતાનમાં સવારે ૮ વાગ્યાથી સવારે ૯ વાગ્યાની વચ્ચે ૨૧૩૫નો એર ક્વોલિટી ઈન્ડેક્સ(એકયુઆઈ) નોંધવામાં આવ્યો હતો. આ સાથે, હવામાં પીએમ ૨.૫ ની સાંદ્રતા ૯૪૭ માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર નોંધવામાં આવી હતી, જે ડબ્લ્યુએચઓ દ્વારા નિર્ધારિત ધોરણ કરતાં ૧૮૯.૪ ગણી વધારે હતી. રાત્રે ૧૦ વાગ્યે મુલતાનમાં એકયુઆઈ ૯૮૦ હતો. આ સાથે, ડબ્લ્યુડબ્લ્યુએફ પાકિસ્તાન ઓફિસ, શમસાબાદ કોલોની અને મુલતાન કેન્ટ વિસ્તારમાં એકયુઆઈ અનુક્રમે ૨૩૧૬, ૧૬૩૫ અને ૧૫૨૭ નોંધવામાં આવ્યો હતો. તે જ સમયે, મુલતાનને અડીને આવેલા બહાવલપુર, મુઝફ્ફરગઢ અને ખાનવાલમાં પણ ધુમ્મસની ચાદર જોવા મળી હતી, જેના કારણે વિઝિબિલિટી ઓછી રહી હતી. વધતા પ્રદૂષણના સ્તરને કારણે, મુલતાનની સૌથી મોટી હોસ્પિટલ, નિશ્તાર હોસ્પિટલના ઓપીડી અને ઈમરજન્સી વોર્ડમાં બે સ્મોગ કાઉન્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે.

# પાકિસ્તાનના ક્વેટા રેલવે સ્ટેશન પર બોમ્બ બ્લાસ્ટ : ૨૦ લોકોના મોત

**વિસ્ફોટમાં ૩૦ લોકો ઘાયલ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને બોલાવાઈ**

ઈસ્લામાબાદ,તા.૯



પાકિસ્તાનના ક્વેટા રેલવે સ્ટેશન પર મોટો બોમ્બ બ્લાસ્ટ થયો છે. જેમાં ૨૦ લોકોના મોતના સમાચાર છે. વિસ્ફોટમાં ૩૦ લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર મૃતકોની સંખ્યા પણ વધી શકે છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જે સમયે બ્લાસ્ટ થયો તે સમયે સ્ટેશન પર ભારે ભીડ હતી. એક ટ્રેન પેશાવર જવા રવાના થવાની હતી. આ સિવાય મોટી સંખ્યામાં મુસાફરો બીજી પેસેન્જર ટ્રેનની રાહ જોઈ રહ્યા હતા. બ્લાસ્ટ બાદ ક્વેટા રેલવે સ્ટેશન પર સનસનાટી મચી ગઈ હતી. લોકો અહીં-તહીં દોડવા લાગ્યા. સ્ટેશન પર અંધાધૂંધી હતી. બચાવ અને રાહત કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ઘટના સ્થળે ટીમ યુદ્ધના ધોરણે કામ કરી રહી છે. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને પણ ઘટનાસ્થળે તપાસ માટે બોલાવવામાં આવી છે. સમગ્ર મામલાના તળિયે જવા માટે તપાસ કરવામાં આવી રહી છે.

ટ્રાન્સપોર્ટ વેરહાઉસમાં ભીષણ આગ લાગતા ત્રણથી વધુ લોકો ઘાયલ

# નવસારીમાં ટ્રકમાંથી કેમિકલ ભરેલા બેરલ ઉતારતા લાગેલી આગમાં ત્રણ જીવતા ભૂંજાયા

(એ.આર.એલ),નવસારી,તા.૯



નવસારી જિલ્લાના ગણદેવીમાં ભીષણ આગની ઘટના સામે આવી છે. જેમાં ત્રણ લોકો જીવતા ભૂંજાયા છે. જ્યારે ત્રણથી વધુ લોકો ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ, ગણદેવી તાલુકાના દેવસર ગામ પાસે આજે સવારે એક ટ્રાન્સપોર્ટ વેરહાઉસમાં ભીષણ આગ લાગી હતી. આગને કારણે વેરહાઉસમાં કામ કરી રહેલા કેટલાક કામદારો ફસાયા છે. જેમાં ત્રણના મોત થયા છે. જ્યારે આશંકા છે કે હજુ પણ ત્રણથી વધુ લોકો આગમાં ફસાયા છે. આગ પર કાબૂ મેળવવા માટે ગણદેવી, બીલીમોરા અને નવસારીથી ફાયર ફાયટરોની ટીમો મોકલવામાં આવી છે. આ આગ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, ટ્રકમાંથી કેમિકલના બેરલ ખાલી કરતી વખતે ટ્રાન્સપોર્ટ વેરહાઉસમાં અચાનક આગ ફાટી નીકળી હતી. જેમાં કેટલાક કામદારો ફસાઈ ગયા હતા. આગમાં ત્રણ લોકોના મોત થયા છે. આગમાં હજુ ત્રણથી વધુ લોકો ફસાયેલા હોવાનો અંદાજ છે.

# અંબાજી નજીક ત્રિશુલીયા ઘાટ પર અકસ્માત, ૨૦ યાત્રાળુઓ ઘાયલ

અંબાજી,તા.૦૯

અંબાજી નજીક આવેલા ત્રિશુલીયા ઘાટ પર અવારનવાર અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. ત્યારે આજે વધુ એક અકસ્માત ત્રિશુલીયા ઘાટ પર બન્યો છે. ૯ નવેમ્બર ૨૦૨૪ના રોજ ત્રિશુલીયા ઘાટ પર ૨૮ યાત્રાળુઓ ભરેલી લક્ઝરી બસનો અકસ્માત સર્જાયો હતો. જેમાં ૨૦થી વધુ યાત્રાળુઓ ઈજાગ્રસ્ત થયાં હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી. બસ અંબાજીથી અંજાર પરત ફરી રહી હતી. યાત્રાળુઓ સવાર લક્ઝરી બસ અંજાર પરત ફરી રહી હતી. આ દરમિયાન ત્રિશુલીયા ઘાટ પર બ્રેક ફેલ થઈ જતાં બસે મેક્સ ગાડી અને એક કારને અડફેટે લીધી હતી. જેમાં ૨૮ મુસાફરોમાંથી ૨૦ જેટલા મુસાફરોને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી દાતા રેફરલ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં



આવ્યા છે. જણાવી દઈએ કે, અંબાજી નજીક આવેલો આ ત્રિશુલીયા ઘાટ ભયજનક માર્ગ તરીકે ઓળખાય છે, જ્યાં આ પહેલા પણ અનેક અકસ્માતો ઘટી ચૂક્યા છે. આ જગ્યાએ અસામાન્ય રીતે સાવધાની જરૂરી છે, પરંતુ તે છતાં, આ માર્ગ પર અકસ્માતોની વારંવાર ઘટનાઓ સામે આવે છે. સ્થાનિકો અને મુસાફરોને આ વિસ્તારમાં ગતિ નિયમો અને સાવચેત રહેવા અંગે વધારે માહિતગાર બનવા માટે સૂચના આપવામાં આવી છે. અહીં મુસાફરી કરતા પહેલા સાવધાની રાખવી ખુબ જ અનિવાર્ય છે. કારણ કે, આ ત્રિશુલીયા ઘાટ પર અનેક અકસ્માતો થયા છે અને ત્યા અનેક લોકોના મોત પણ થયા છે.

# વડતાલમાં દ્વિશતાબ્દી મહોત્સવમાં હાજરી આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(એ.આર.એલ),વડતાલ,તા.૯



વડતાલ ખાતે ઉજવાઈ રહેલા લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા હતા. આ પાવન અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વડતાલ દ્વિશતાબ્દી મહોત્સવની પાંચ રૂપિયાની ટપાલ ટિકિટનું વિમોચન કરવામાં આવ્યું હતું. સૌ હરિભક્તોને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ચરોતરની આ પાવન ભૂમિ પર ૨૦૦ વર્ષ પૂર્વે ભગવાન સ્વામિનારાયણના હસ્તે શ્રી લક્ષ્મીનારાયણ દેવ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ આટલો ભવ્ય છે, જ્યારે ભગવાન સ્વામિનારાયણે આ ભૂમિ પર શ્રી લક્ષ્મીનારાયણ મંદિરની સ્થાપના કરી હશે તે સમય કેટલો દિવ્ય હશે, તેની આપણને અનુભૂતિ થાય છે.

# જૂનાગઢ લીલી પરિક્રમાને લઈ વનવિભાગ સતર્ક બન્યું

જૂનાગઢ,તા.૦૯



જૂનાગઢમાં ગિરનારની લીલી પરિક્રમા કારતક માસની સુદ અગિયારસથી શરૂ થાય છે અને કાર્તિક પૂર્ણિમાના દિવસે પૂર્ણ થાય છે. જ્યારે આ વર્ષે ગિરનારની લીલી પરિક્રમા ૧૨ નવેમ્બર થી ૧૫ નવેમ્બર સુધી યોજાશે જેમાં લાખોની સંખ્યામાં પરિક્રમાર્થીઓ પુણ્યનું ભાથું બાંધવા જૂનાગઢ લીલી પરિક્રમામાં આવશે. ગિરનાર જંગલના ૩૬ km રૂટ પર આ પરિક્રમાનું આયોજન કરવામાં આવે છે. ત્યારે ગત વર્ષે પરિક્રમામાં પરિવાર સાથે આવેલી એક બાળકીને દીપડાએ ફાડી ખાધી હતી. જેને લઈને આ વર્ષે વનવિભાગનું તંત્ર સજ્જ બન્યું છે.

# રાજસ્થાનથી બાળકો લાવી ભીખ મંગાવતા નેટવર્કનો પર્દાફાશ કરતી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, બે એજન્ટની ધરપકડ




(એ.આર.એલ),અમદાવાદ,તા.૯

રાજ્યમાંથી ચાઈલ્ડ તસ્કરીને નાથવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ ઉપરાંત મહિલા ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમ દ્વારા રાજ્યના અલગ અલગ વિસ્તારમાં સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. સર્ચ ઓપરેશનમાં મળેલા બાળકો અને તેમના વાલીઓની પૂછપરછના આધારે એજન્ટો અને નેટવર્કનો પર્દાફાશ થયો છે. અમદાવાદમાં ઠેર – ઠેર સિગ્નલો પર ભીખ માગવા માટે ઉભા રહેતા બાળકોને લઈને ચોંકાવનારી ઘટના સામે આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ભીખ મંગાવવાના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. રાજસ્થાનથી બાળકો લાવીને ભીખ મંગાવવા માટે લાવતા બે એજન્ટને ઝડપ્યા છે. એસ.જી. હાઈવે અને સીજી રોડ પર બાળકો પાસે ભીખ મંગાવતા હોવાનો ખુલાસો થયો છે. આરોપીઓ એક બાળક પાસેથી દૈનિક ૧૫૦ રુપિયા વસૂલતા હતા. જ્યારે બાળક પરિવાર સાથે અથવા અન્ય બાળકો સાથે ભીખ માંગતા હોય તો તેમની પાસેથી ૫૦૦ રુપિયા વસૂલતા હતા. અગાઉ બાળકો પાસેથી ભીખ મંગાવનારા સામે ગુનો દાખલ કરાયો હતો. લાંબા સમયની તપાસ બાદ ૨ એજન્ટને પકડવામાં ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે. તેમજ રાજસ્થાન સિવાય અન્ય રાજ્યમાંથી પણ બાળકો લાવવામાં આવતા હતા કે નહીં, આ ઉપરાંત બાળકોને ગુજરાતમાં લાવી ક્યાં મોકલવામાં આવતા હતા તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

જામનગરથી રોડ માર્ગે સુરત માત્ર ૬ કલાકમાં પહોંચી શકાશે, અમરેલી જિલ્લાને પણ ફાયદો થશે

# ખંભાતના અખાતમાં ૩૦ કિ.મી. જેટલો દેશનો સૌથી લાંબો પુલ બનશે

(એ.આર.એલ),રાજકોટ,તા.૯



સૌરાષ્ટ્રથી સુરત કે મુંબઈ જવા માંગતા લોકો માટે સારા સમાચાર છે. હવે તેમને બગોદરા કે વડોદરા જવું પડશે નહીં. જામનગરથી રોડ માર્ગે, ભરૂચ માત્ર ૫ કલાકમાં અને સુરત માત્ર ૬ કલાકમાં પહોંચી શકાશે.

અમરેલી જિલ્લાના લોકોને ભરૂચ થઈને સુરત સુધી નવો નેશનલ હાઈવે બનવા જઈ રહ્યો છે. જેમાં દેશનો સૌથી લાંબો ૩૦ કિલોમીટર લાંબો પુલ સમુદ્રમાં બનાવવામાં આવશે. કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રાલયે આ સંદર્ભે સર્વે કરવા એજન્સીઓ પાસેથી બિડ મંગાવી છે. આ પ્રોજેક્ટ અમલી બન્યા બાદ સૌરાષ્ટ્રના વાહનવ્યવહારમાં મોટો ફેરફાર થશે અને દરરોજ લાખો લીટર ઈંધણ અને સમયની બચત થશે. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય અને ભારતમાલા પ્રોજેક્ટ્સ એન્ડ સ્પેશિયલ પ્રોજેક્ટ્સ સેલ દ્વારા સમગ્ર દેશમાં ૮ નવા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા હતા જ્યારે બીજો પ્રોજેક્ટ ભાવનગરથી ભરૂચ સુધી ૬૮ કિમી ચાર અથવા છ લેન બનાવવાનો છે. દરિયામાં લગભગ ૩૦ કિલોમીટર લાંબો પુલ પણ બનાવવામાં આવશે. બંને પ્રોજેક્ટ નવા એક્સપ્રેસ વે (કોરિડોર) હશે, જેની કુલ લંબાઈ ૩૧૬ કિલોમીટર હશે, જો કે, જામનગરથી રાજકોટ અને રાજકોટથી ભાવનગરના હાલના રૂટનું નવીનીકરણ કરીને પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવશે કે રૂટમાં ફેરફાર કરવામાં આવશે કે કેમ તે અંગેની માહિતી હજુ સુધી ઉપલબ્ધ નથી.

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રાલયે ગુજરાતમાં બંને પ્રોજેક્ટના ડીપીઆર (વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ) માટે ટેન્ડર બહાર પાડ્યા હતા, બિડની જાહેરાત ૨૬ જૂને કરવામાં આવી હતી અને બિડિંગની છેલ્લી તારીખ ૪ નવેમ્બર હતી. ગુજરાતમાં બંને પ્રોજેક્ટ માટે કુલ ૧૫ કન્સલ્ટન્ટ કંપનીઓએ બિડ કરી છે. જામનગર-રાજકોટ-ભાવનગર એક્સપ્રેસ વે માટે ૧૨ કંપનીઓએ બિડ કરી છે અને ભાવનગર-ભરૂચ એક્સપ્રેસ વે માટે ૩ કંપનીઓએ બિડ કરી છે.

# કલોલના દંતાલીમાં ફાયરિંગ : ૧નું મોત, ચાર ગંભીર રીતે ઘાયલ

ગાંધીનગર,તા.૯

કલોલના દંતાલી ખાતે ફાયરિંગની ઘટનાને પગલે ભયનો માહોલ સર્જાયો હતો. જેમાં નજીવી તકરારમાં ફાયરિંગનો મામલો સામે આવ્યો હતો, આ ઘટનામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે. ઘર પાસે થતી અવરજવર બાબતે તકરાર થતા મામલો બિચક્યો હતો અને પાંચ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ઈજાગ્રસ્તોને સારવાર માટે અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા, ફાયરિંગમાં ૪ લોકો ઈજાગ્રસ્ત થયા છે જ્યારે એકનું મોત થયું છે. કલોલના દંતાલી પાસે ગ્રીનવૂડ રેસિડેન્સી નામની સ્કીમ આવેલી છે. પ્લોટમાં આવવા-જવા બાબતે બે જૂથ વચ્ચે મનદુઃખ હતું, જેને લઈને મામલો બિચક્યો હતો. બે શખ્સો ધોકા લઈ ગ્રીનવૂડ પહોંચ્યા હતા. આ દરમ્યાન ફાયરિંગ થયું હતું. ફાયરિંગમાં વિપુલભાઈ નામના વ્યક્તિ તથા અન્ય ત્રણ લોકોને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોમાં રીંકુભાઈ નામના યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. પોલીસે આરોપી રમેશભાઈની ધરપકડ કરી છે.

# રાજયના શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલમાં થતો ડ્રોપ આઉટ રેશિયો જાહેર : ગુજરાત ત્રીજા નંબરે


ગાંધીનગર,તા.૦૯



રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સ્કૂલમાં થતો ડ્રોપ આઉટ રેશિયો જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ ધોરણ આઠ બાદ ૨૩.૨૮% વિદ્યાર્થીઓ ધોરણ ૯માં પ્રવેશ મેળવતા જ નથી. જેને લઈને કોંગ્રેસે સરકાર પર પ્રહાર કર્યા છે. કોંગ્રેસના આક્ષેપ છે કે, સરકાર દ્વારા કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમ બનાવવામાં આવી છે. વર્લ્ડ બેંકની અબજો રૂપિયાની લોન લેવામાં આવી છે. વિદ્યા સમીક્ષાના નામે ટીમ બેસાડવામાં આવી છે. પરંતુ કરોડ રૂપિયા ખર્ચ્યા છતાં ડ્રોપ આઉટ રેશિયો ઘટવાની જગ્યાએ વધી રહ્યો છે. જેથી શિક્ષણ વિભાગના જવાબદાર અધિકારીઓને દૂર કરીને સરકારે યોગ્ય પ્લાન સાથે આગળ વધવું જોઈએ. સમગ્ર દેશમાં ડ્રોપઆઉટ રેશિયો બાબતે ગુજરાત ત્રીજા નંબરે છે. ૨૧ પ્રવેશોત્સવ કરવામાં આવ્યા છે જેમાં કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે અને જાહેરાતો કરવામાં આવી છે. પરંતુ હકિકત એવી છે કે, ગુજરાતમાં ધોરણ ૮ પછી ૯ અને ૧૦માં ૨૩.૦૧%નો ડ્રોપ આઉટ રેશિયો છે. સૌથી વધારે અમદાવાદમાં એક લાખ કરતા વધારે વિદ્યાર્થીઓએ ડ્રોપ આઉટ લીધું છે. આ ઉપરાંત રાજ્યના સાત જિલ્લા એવા છે જેમાં ૩૦ ટકા કરતાં વધારે ડ્રોપ આઉટ રહેશે. દેશભરમાં ૧૨.૫૦ લાખ બાળકોનો ડ્રોપ આઉટ છે જેમાં ૬.૯૭ લાખ બાળકો જ્યારે પાંચ લાખથી વધુ બાળકીઓ છે.

# વિશ્વના કેન્સર વોરિયર્સ દ્વારકાથી સોમનાથ સુધી દરિયો ખેડશે

રાજકોટ,તા.૦૯



રાજકોટના કેન્સર કેર ફાઉન્ડેશને ૪ ફેબ્રુઆરીએ વર્લ્ડ કેન્સર ડેને અનોખી અને સાહસિક રીતે ઊજવવાનું નક્કી કર્યું છે. સંસ્થા ઈન્ટરનેશનલ કક્ષાની ઈવેન્ટનું આયોજન કરવા જઈ રહી છે, જેમાં વિશ્વભરના કેન્સર વોરિયર્સ કૃષ્ણનગરી દ્વારકાથી શિવનગરી સોમનાથ સુધી ૨૫૦ કિલોમીટર કાયકિંગ એટલે કે દરિયાનું ખેડાણ કરશે. વિશ્વમાં સંભવતઃ પ્રથમ વખત એવું થવા જઈ રહ્યું છે કે કેન્સર વોરિયર્સ દરિયામાં સાહસિક પ્રવૃત્તિ કરશે. આ માટે વિનામૂલ્યે ૨૦ નવેમ્બર સુધી રજિસ્ટ્રેશન કરી શકાશે.

સંજોગ ન્યૂઝની
ધમાકેદાર
વાર્ષિક લવાજમ યોજના
૧/૧૧/૨૦૨૪ થી ૩૧/૧૦/૨૦૨૫
એજન્સી માટે સંપર્ક કરો
મો. ૮૧૬૦૨૦૧૬૪૩
સપ્તાહના સાતેય દિવસ અમરેલીમાંથી
પ્રકાશિત થતુ એક માત્ર દૈનિક એટલે
સંજોગ ન્યૂઝ
માત્ર રૂપિયા ૬૯૯/-
માં મેળવો આખું વર્ષ અખબાર
સાથે સપ્તાહમાં બે દિવસ પૂર્તિનો રસથાળ
સંજોગ ન્યૂઝના વાર્ષિક લવાજમ યોજનાનો લાભ લેવા માટે
તમારા શહેર અને ગામના એજન્ટોનો સંપર્ક કરવો

# વલસાડ જિલ્લામાં ભૂકંપનો આંચકો

(એ.આર.એલ),વલસાડ,તા.૯

ધરમપુર તાલુકાના સરહદી ગામોમાં છેલ્લા બે દિવસથી સતત ધરતીકંપના આંચકા નોંધાઈ રહ્યા છે, જેના કારણે ગ્રામીણ કક્ષાએ લોકોમાં ભયનું વાતાવરણ છે. ગુરૂવારના રોજ ધરમપુરના ઉગતા ગામે ધરતીકંપનો આંચકો અનુભવાયો હતો. બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસના અસરામાં આંચકો આવતા લોકોમાં ભય ફેલાયો હતો.

ગ્રામ્ય વિસ્તારમાં ૨.૯ની તીવ્રતા

સોનાનાં કલાત્મક આભૂષણ
રીયલ ડાયમંડ જ્વેલરી
રોઝ ગોલ્ડ તથા
વ્હાઈડ ગોલ્ડ જ્વેલરી
૯૨.૫ સ્ટર્લિંગ સિલ્વર જ્વેલરી
વી.કે. જ્વેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોનઃ ૦૨૭૯૨- ૨૨૬૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડો. ચિરાગ વી.કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રી રોગ પ્રસુતી તથા દુરબીનથી તથા ઓપરેશનના નિષ્ણાંત
અમરેલી જીલ્લામાં દુરબીનની થતા ગાયનેક ઓપરેશનોના પહેલા નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધા :- ■ નોર્મલ/જોખમી સિઝરીયન ડીલવરી ■ પેઈનલેસ (પીડા રહીત ડીલવરી ) 3D/4D કલર ડોપલર/ ખોડખાપણની સોનોગ્રાફી ■ ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન ■ વંધ્યત્વની વૈજ્ઞાનિક/ આધુનિક સારવાર/IUI ■ ૨૪ કલાક કાર્યરત લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સ સુવિધા
ડો. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
-: ઉપલબ્ધ સુવિધા :-
■ રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
■ આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણ વાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર ■ જન્મથી ૧૭ વર્ષ સુધિના બાળકોની તપાસ/સારવાર
જુના પાંચમાળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે,
માણેકપરા, અમરેલી - મો.૯૭૨૩૭ ૯૯૦૯૧
ઓપીડી સમય
સોમ-શનિ સવારે ૯ થી ૨, સાજે ૫ થી ૮